**આજનો સુવિચાર**

સુખ એટલે હાથવગા હોય એટલા ફૂલોમાંથી ગજરો બનાવવાની કળા

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૯૮ જૂનાગઢ તા.૨૯-૧૧-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 298, Junagadh : Date : 29 November, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# સુપ્રિમ કોર્ટે સંભલ જામા મસ્જીદ સર્વે મામલે સુનાવણી ૬ જાન્યુઆરી સુધી વિલંબીત રાખી



## ટ્રાયલ કોર્ટને કોઈ કાર્યવાહી ન કરવા સુપ્રિમ કોર્ટનો આદેશ : મુસ્લીમ પક્ષ ઈચ્છે તો હાઈકોર્ટમાં જઈ શકે છે : મસ્જીદના સર્વેનો રીપોર્ટ સીલબંધ કવરમાં જ રાખવા આદેશ

નવી દિલ્હી તા.૨૯

ઉત્તર પ્રદેશના સંભલ જામા મસ્જીદ મામલાના વિવદામાં સુપ્રીમ કોર્ટમાં થયેલ અરજીની આ લખાઈ રહ્યું છે ત્યારે સુનાવણી થઈ રહી છે. સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ સંજીવ ખન્નાએ આ કેસની વધુ સુનાવણી તા.૬ જાન્યુઆરી સુધી વિલંબીત રાખી છે. અને તા.૮ જાન્યુઆરી સુધી ટ્રાયલ કોર્ટે કોઈ કાર્યવાહી કરવી નહીં તેવો પણ આદેશ આપ્યો છે. સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ સંજીવ ખન્નાએ કહ્યું કે, સંભલ જામા મસ્જીદનો સર્વે રીપોર્ટ સીલબંધ કવરમાં જ રજુ થવો જોઈએ. અને તે સીલબંધ કવર યથાવત રહેવું જોઈએ. સંભલમાં શાંતિ રહેવી જોઈએ. સ્થાનિક પ્રશાસન સંભલમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખે. તેમ જણાવતાં સંભલ મામલામાં મુસ્લીમ અરજદારોને સુપ્રિમ કોર્ટે હાઈકોર્ટમાં જવાની તક આપતા કહ્યું કે, જો અરજદારો (મુસ્લીમ પક્ષ) હાઈકોર્ટમાં અપીલ કરે તો તેને ૩ દિવસમાં સાંભળવામાં આવે. તેવું પણ સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું. મુસ્લીમ પક્ષ ઈચ્છે તો હાઈકોર્ટમાં જઈ શકે છે. તેમ ચીફ જસ્ટીસે કહ્યું હતું. આ બધા આદેશો આપવાના પરીપેક્ષ્યમાં સુપ્રિમ કોર્ટે એવું કહ્યું કે, અમે ઈચ્છીએ છીએ કે, સંભલમાં શાંતિ રહેવી જોઈએ. આમ સંભલ મસ્જીદ સર્વે પર સુપ્રિમ કોર્ટે મહત્વના દિશાનિર્દેશો જારી કર્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉત્તરપ્રદેશના સંભલ સ્થિતિ જામા મસ્જીદનો સર્વે કરવા માટે સ્થાનિક અદાલતે આદેશ આપ્યા બાદ સર્વે કરવા માટે અધિકારીઓ તેજ દિવસે સંભલ જામા મસ્જીદ ખાતે પહોંચ્યા હતા જેને પગલે સંભલમાં હિંસા ફાટી નીકળી હતી. જેમાં પાંચ લોકો માર્યા ગયા હતા. ત્યારથી સંભલમાં સતત તંગદીલી ભરી શાંતિ પ્રવર્તી રહી છે. આમ સંભલ મસ્જીદ સર્વે મામલે હવે સુપ્રિમ કોર્ટ આગામી ૬ જાન્યુઆરી બાદ સુનાવણી કરશે. તેવું જાણવા મળેલ છે.

## બ્રેકિંગ ન્યુઝ : કલેકટર અનીલ રાણાવસીયાએ જાહેરાત કરી

## અંબાજી, ભીડભંજન અને દત્ત શિખરનો વહીવટ સરકારે પોતાના હસ્તક લઈ લીધો : વહીવટદાર તરીકે મામલતદારની નિમણુંક

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ શહેરમાં ભવનાથ વિસ્તારમાં ગિરનાર પર્વત પર આવેલ અંબાજી મંદિર, જૂનાગઢ શહેરમાં આવેલ ભીડભંજન મહાદેવ મંદિર અને દત્તશિખરનો વહીવટ સરકારે આજે પોતાના હસ્તક લઈ લીધો છે. જૂનાગઢ જીલ્લા કલેકટર અનીલકુમાર રાણાવાસીયાએ આજે પત્રકાર પરિષદ બોલાવી આ અંગેની જાહેરાત કરી હતી.

તાજેતરમાં ઉપરોકત ત્રણેય મંદિરના મહંત તનસુખગીરી બાપુ બ્રહ્મલીન થતાં ઉપરોકત ત્રણેય મંદિર ખાતે નિમણુંક કરવાની થતી હતી. વર્ષ ૧૯૮૩માં તનસુખગીરી બાપુની ઉપરોકત મંદિરોમાં મહંતપદે નિમણુંક થઈ હતી. પરંતુ તાજેતરમાં તેઓનું અવસાન થતાં નિશ્ચિત પ્રક્રિયા અનુસરીને નવા મહંતની નિમણુંક કરવાની રહે છે. પરંતુ જ્યાં સુધી આ પ્રક્રિયા પૂર્ણ નહીં થાય અને આ પ્રક્રિયામાં વિલંબ થાય તેમ હોય હાલની સ્થિતિએ જૂનાગઢ શહેર મામલતદારની ઉપરોકત ત્રણેય મંદિરના વહીવટદાર તરીકે નિમણુંક કરવાનો સરકારે નિર્ણય લીધો હોવાનું અને તેની તાત્કાલીક ધોરણથી અમલવારી કરવામાં આવશે અને મામલતદારશ્રી જૂનાગઢ શહેરને આ અંગે જરૂરી કાર્યવાહી કરવા આદેશ આપી દેવામાં આવ્યો છે. તેમ જૂનાગઢ કલેકટરશ્રીએ જણાવ્યું હતું. ભવનાથ મંદિરના મહંતની નિમણુંક બાબતે પણ યોગ્ય તપાસના અંતે રીપોર્ટ આવ્યા બાદ જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. તેટલું જ નહીં જે પત્ર વાયરલ થયો છે તે અંગે પણ તપાસ થઈ રહી છે. પત્રનું ઉદ્‌ભવસ્થાન શું છે તે અંગે પણ તપાસ થઈ રહી છે અને ખુબ જ ઉંડાણપૂર્વક તપાસ થઈ રહી છે. અને એફએસએલની મદદ લઈ સંપૂર્ણ તપાસ કર્યા બાદ પત્ર બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. હાલમાં જૂનાગઢ શહેરમાં જે વિવાદ ચાલી રહ્યો છે. તે બાબતે સરકાર ખુબ જ ગંભીર છે. અને સરકાર દ્વારા સુચનાઓ આપવામાં આવી છે તે અનુસાર કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમ કલેકટરશ્રી રાણાવસીયાએ જણાવ્યું હતું.

## ગુજરાતમાં આઈટીનું મેગા ઓપરેશન : ૩૭ સ્થળે દરોડાની કાર્યવાહી

અમદાવાદ તા.૨૯

ગુજરાત-સૌરાષ્ટ્રમાં લાંબા સમય બાદ ઈન્કમટેકસ વિભાગ દ્વારા મેગા દરોડા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. મોરબી, અમદાવાદ, મહેસાણા, ગાંધીનગર, હિંમતનગર, મિતાણા સહીતનાં શહેરોમાં આજે સવારથી સામુહીક દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બિલ્ડર તેમજ કોલસાના વ્યાવસાયિક સિરામીક સાથે સંકળાયેલા ધંધાર્થીઓનાં ૩૦ થી વધુ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં કરોડો રૂપિયાની કરચોરી પકડાવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે. આવકવેરા વિભાગનાં ટોચના સુત્રોએ જણાવ્યું હતું કે, આજે સવારથી રાજયના અર્ધો ડઝન શહેરોમાં દરોડા ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતું. જેમાં ૩૦ થી વધુ સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા હતા. અમદાવાદનાં ટ્રોઝન તથા ધરતી ગ્રુપના ઉપરાંત મહેસાણાનાં રાધે ગ્રુપ મુખ્ય હતા. તેમના કનેકશનમાં મોરબી, મિતાણા, ગાંધીનગર તથા હિંમતનગરમાં સામુહીક દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

દિવાળીના તહેવારોમાં ગયાને ૧ મહિના બાદ ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટે આળસ ખંખેરી આજે મોરબી - અમદાવાદ-વડોદરામાં સવારે ૭ વાગ્યાથી દરોડાનો દોર શરૂ કરતા હલચલ મચી ગઈ છે.

મોરબીના વિખ્યાત મહેન્દ્ર પટેલ જૂથ કે જે કન્સ્ટ્રકશન બીઝનેશ સાથે સંકળાયેલ છે, તેમના બે બંગલા-૪ સાઈટ-ઓફીસો ઉપરાંત આ જૂથ સાથે સંકળાયેલ મોરબીની તીર્થક મીલ, સોહમ મીલ, અમદાવાદ-મહેસાણા રાધે બીલ્ડર જૂથ ઉપર મોટા પાયે દરોડા પડયા છે, એકબીજા સાથે સંકળાયેલ કુલ ૭ બીઝનેશ સંકૂલો અને રહેઠાણો - ઓફીસો થઈને ૭૦ અધિકારીઓનો કાફલો ૭૦ સ્થળે ત્રાટકયો છે. આ ઉપરાંત મોરબી-અમદાવાદમાં મોટુ કામકાજ ધરાવતા ચાવડા ઈન્ફ્રાસ્ટકચર, મોરબીની બે સિરામિક પેઢીઓ, ઉપર પણ તવાઈ બોલાવાઈ છે.

## ગુજરાતમાં ૯ નેશનલ હાઈવે પર નિર્માણ ખર્ચ કરતા ટોલટેકસની બમણી વસુલાત કરી લેવાઈ : સરકારની કબુલાત

અમદાવાદ તા.૨૯

ગુજરાતમાં ૯ નેશનલ હાઈ-વે એવા છે જેના પર ટોલ ટેક્સની કમાણી હાઈ-વેના નિર્માણ ખર્ચ કરતાં વધુ થઈ ગઈ છે. કેન્દ્ર સરકારે લોકસભામાં આપેલા જવાબ મુજબ, રાજ્યના ૫૩ ટોલ પ્લાઝા પરથી હાલ સુધી રૂા.૨૪૭૮૦ કરોડ ટોલ વસૂલાયો છે. આ ૯ નેશનલ હાઈ-વે બનાવવાનો ખર્ચ રૂા.૧૧૦૬૧ કરોડ થયો હતો, જેના પર અત્યાર સુધી ૧૯૪૮૩ કરોડ ટોલ લોકો પાસેથી વસૂલાયો છે. ભરૂચ-સુરત, અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે, વડોદરા-ભરૂચ અને ગારામોર-સામખિયાળી એવા નેશનલ હાઈ-વે છે જેના પર નિર્માણ ખર્ચ કરતાં બમણો ટોલ ટેક્સ વસૂલાયો છે. અન્ય એક જવાબ કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે, છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાતમાં ૧૪૬૪ કિલોમીટર રોડને નેશનલ હાઈ-વેનો દરજ્જો મળ્યો છે. ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીના તાજેતરના રિપોર્ટ મુજબ, રાજ્યમાં નેશનલ હાઈવે પર ૩૫૦૦થી વધુ અકસ્માતમાં ૨૧૦૦ લોકોના મોત અકસ્માતમાં નીપજ્યાં હતા.

### :: સમાચાર રાઉન્ડ અપ ::

- પોર્નોગ્રાફીક નેટવર્ક કેસમાં શીલ્પા શેટ્ટી - રાજ કુંદ્રાના નિવાસ સ્થાને ઈડીના દરોડા
- મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદનું કોકડું હજુ પણ ગુંચવાયેલું : દેવેન્દ્ર ફડણવીસ પર કળશ ઢોળાય તેવી શકયતા : એકનાથ શિંદેએ ચાર શરતો મુકી. ગતરાત્રે ગૃહમંત્રી અમીત શાહના નિવાસસ્થાને મેરેથોન બેઠક યોજાઈ.
- ગુજરાતની અદાલતોમાં ૧૫ લાખથી વધુ કેસ પડતર હોવાનો સરકારે રાજયસભામાં જવાબ આપ્યો.
- કાશ્મીરમાં ત્રાસવાદી અડ્ડામાંથી આરડીએકસ અને હથીયારોનો મોટો જથ્થો ઝડપાયો.
- દુબઈમાં ભારતીયોએ ખરીદેલી રૂા.૭૦૦ કરોડથી વધુની કિંમતની ૫૦૦ મિલ્કતો અંગે તપાસ શરૂ.
- ટ્રમ્પ હજુ પણ સુરક્ષીત નથી : પુતિને ચેતવણી આપી.

## મધ્યપ્રદેશના ખંડવામાં મશાલ રેલી દરમ્યાન આગ ફાટી નીકળી : ૫૦ લોકો દાઝી ગયા

ખંડવા તા.૨૯

મધ્યપ્રદેશના ખંડવામાં મશાલ રેલી દરમિયાન આગ ફાટી નીકળી હતી, જેમાં ૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ ઘટના ગતમોડી રાત્રે બની હતી. તેનો વીડિયો પણ સામે આવ્યો છે. આગ લાગતા નાસભાગ મચી ગઈ હતી. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે લોકોમાં નાશભાગ મચી હતી.

ખંડવાના એસપી મનોજ રાયે જણાવ્યું - જ્યારે મશાલ રેલી શહેરના ક્લોક ટાવર પર પુરી થઈ રહી હતી, ત્યારે મશાલ મૂકતી વખતે કેટલીક મશાલો ઊંધી પડી ગઈ હતી, જેના કારણે તેમાં રહેલ લાકડાનો વહેર અને તેલથી નજીકમાં પડેલી મશાલો ભભુકી ઉઠી. જેના કારણે ત્યાં એક ઘેરાવમાં ઉભેલા લોકો દાઝી ગયા હતા.જેમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ છે. લોકોના ચહેરા અને હાથ બળી ગયા છે.

**નવા વર્ષની હાર્દિક શુભકામના...**

મો.૯૦૯૯૦ ૬૫૮૫૬
મો.૯૮૨૫૯ ૧૦૬૬૦

ડો.હરેશ એમ. ડોબરિયા M.D. (Paed)
ડો.વિજય જેઠવા M.D. (Paed)

**ડોબરિયા કિડ્‌ઝ હોસ્પિટલ એન્ડ એન.આઈ.સી.યુ.**

ઈમરજન્સી હેલ્પલાઈન નં.૭૫૬૭૪ ૨૨૧૮૫

મિલેનીયમ આર્કેડ, ૪થા માળે, ઝાંઝરડા ચોકડી, નિલકંઠ પાર્ટી પ્લોટની બાજુમાં, જૂનાગઢ

**સારા લોકેશનમાં ખુબજ વ્યાજબી ભાવમાં ફ્લેટ વેંચવાનો છે**

જૂનાગઢના ક્રિમ એરિયામાં જલારામ સોસાયટીમાં વ્યાજબી ભાવમાં લીફ્ટવાળું 2BHK ફ્લેટ તદ્દન તમારા બજેટમાં વેચવાનું છે.

મો.૯૪૨૭૪ ૨૩૪૧૫

**CARE+ LABORATORY**

રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005

અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફ્લોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત 2870/-

હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,ક્લોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ

સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત 5060/-

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.

કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦

કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

**સોફાસેટ...સોફાસેટ...સોફાસેટ...**

તમારૂ મનમાનીતુ, મનગમતુ, આકર્ષક, લેટેસ્ટ, તમારા બજેટમાં અને વ્યાજબી ભાવમાં સોફાસેટ

આપની સાઈઝ મુજબ ઓર્ડરથી સોફાસેટ બનાવી આપશું તેમજ રીપેરીંગ કરી આપશું



30% OFF

૧૫ દિવસ સુધી ઓફર માન્ય


જૂનાગઢ. મો.- 97734 39187

**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક


દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર

**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન




ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

SALE 70%*

**ધમાકા ઓફર... ધમાકા ઓફર...**

- સ્કુલ બેગ
- કોલેજ બેગ
- ઓફીસ બેગ
- ટ્રોલી બેગ
- લેડીઝ પર્સ

તથા તમામ પ્રકારની ટ્રાવેલીંગ બેગ મળશે

લગ્ન પ્રસંગ નિમિતે અવનવી વેરાયટી રેન્જમાં મળશે. ખુબ જ વ્યાજબી ભાવમાં...

આ ઓફર ફકત ટ્રોલી બેગ પુરતી મર્યાદીત છે



VIP · American Tourister · safari · WILDCRAFT · Skybags · Genie · ARISTOCRAT

**જય જલારામ બેગ**

પોસ્ટ ઓફીસ રોડ, શાક માર્કેટવાળી શેરી, જૂનાગઢ. મો. ૯૮૭૯૮ ૭૭૨૭૫

**KHUSHI WELNESS** Ayurvedic-Herbal

Chiropratic & Bone Setting

યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)

સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી

મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮

ચિત્તાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.

### પદ પૈસો અને પ્રતિષ્ઠા પાછળ માત્ર... શું.. ?

# ગરવા ગિરનારની ટોચ પર બિરાજતા માં અંબાજીના મંદિરના મહંત પદના વિવાદ પછી ઉઠતો જન પ્રશ્ન ?

## (આધ્યાત્મિક જગતમાં ડોકયું)

**ગોરધન પાઘડાર**

## ખંધા ભ્રષ્ટવૃતિના કહેવાતા ખંધા રાજકારણીઓ કે નાણાં ભુખ્યા અમલવારો જ દોડી રહયા છે ?

આ ભગવા ધારી વજનદાર કંઠી ધારી લલાટે ચંદન ધારીને ભારતિય સનાતન વૈદિકની આધ્યાત્મિક વ્યાખ્યામાં સાચા અર્થના સાધુ સંત કહેવાય ખરા ?

આ પ્રશ્ન હાલમાં ગરવા ગીરનારની ગોદમાં વસેલા જુનાગઢના મહા નગર વાસીઓને જ નહીં ...! પરંતુ સમગ્ર ભારત વર્ષ ના સનાતનીઓ હિન્દુધર્મ નો તમામ પ્રકારનો આધ્યાત્મિક ઠેકો લઈને વિવિધ પ્રકારના આધ્યાત્મિક પવિત્ર નામો ધારી એવા ધ.ધુ.ઓને...આજે પુછી રહી છે!

વૈદિક સનાતન સંસ્કૃતિ એટલે શું? સનાતની ઓની એવમ સાધુ સંતની સાચી ઓળખ શું વ્યાખ્યા શું? કપાળે,ગળે, હાથે, ટીલા ટપકાં કે જાત જાતના રંગીન ખાસ કરીને ભગવા લુગડાં થી શરીર ઢાંકનારાઓ કે પછી કપડામાં હાથ છુપાવીને માળા ફેરવનારાઓ સનાતની સંસ્કૃતિ અનુસાર આ સાધુ સંતની સાચી પ્રમાણભૂત આધ્યાત્મિક ઓળખ નથી. પણ જેનામાં પાંચ ગુણનું સિંચન હોય તે એટલે સાચો સનાતની.. સાચો સાધુ સંત..!

મતલબ સાચા સનાતની સાધુ સંત આ પાંચ ગુણ થકી ઓળખાય જાય છે જે ને સાચો સાધુ કે સંત કહેવાય છે આધ્યાત્મિક જગતમાં તે થકી ઉજળો છે. જે હંમેશા સતત ફરતો રહેલો સનાતન સંસ્કૃતિનો સાચો વાહક કે વારસદાર છે. જેનામાં પાંચ ગુણ પૈકી એક પણ ન હોય તો તે આધ્યાત્મિક વેદિક સાધુ સંત કહેવાય ખરો ?

આ સાધુ સંત એ કોઈ મહાન ક્રોધીલા મનાતા આપણા અવતાર પૈકી પરશુરામ તો છે નહીં છતા પોતાની સહજ સાધુતા છોડીને.

લોકશાહીના ચાર આધાર સ્થંભ પૈકીની ચોથી જાગીરને ખુલ્લંખુલ્લા ધમકી આપે છે. ગરવા ગિરનાર ના કોઈ સાધુ સંત કે મંડળો વિરૂધ્ધ એક શબ્દ પણ લખ્યો તો ઠીક બોલશો તો....મજા નહીં આવે...! એમ કહી !

લોકશાહી દેશની ચોથી જાગીર એવા પત્રકારો ના બંધારણીય અધિકારોને કચડી નાખવા ખુલં ખુલા કાનુની ધમકી આપી રહ્યા છે... તે પણ ભારતના બંધારણના પવિત્ર દિવસે જ.!? હવે સાચો સાધુ સંત ઓળખાય કઈ રીતે ? તે પાંચ પૈકીનો પ્રથમ ગુણ ભાષા, શબ્દ કે જે બ્રહમ કહેવાય છે તે આમેય સાદી અને સરળ વૈદિક વ્યાખ્યા મુજબ જેનામાં સરળ, સહજતા હોય તે એટલે સાધુ એવં સંત ભાષા જ એવું બોલેલા શબ્દો જ માનવ માત્ર ની ઓળખ છે કે ક્યાં કુળની ? ની કેવી ? પેદાઈશ છે. ભાષા જાય કે ગુમાવે એટલે માનવિય તા એવં ધર્મ ભ્રષ્ટ થાય. ધર્મ ભ્રષ્ટ થાય એટલે વેશ, ભ્રષ્ટ થાય પછી ભોજન ભ્રષ્ટ થાય તે પછી ભજન ભ્રષ્ટ થાય અને છેલ્લે સનાતન સંસ્કૃતિ ભ્રષ્ટ થાય.

મતલબ કે સાધુ સંતની વાણી ભાષા શબ્દો માં મધુરતા હોવી જોઈએ. આ સાધુની વાણીમાં કેટલી સાધુતા કેટલું સંત પણું ? જે હોય તે અત્યારના કળીકાળ માં માનવ પદ પૈસો અને પ્રતિષ્ઠા પાછળ એટલી મોટી દોટ મુકતો જાય છે કે માનવ માત્ર (તેમાં આધ્યાત્મિક જગત પણ ક્યાં બાકી છે ?) પોતાનું ગૌરવ ..તેમની અસ્મિતા શું ખોતો જતો નથી ?

મતલબ માનવ પોતાની આધ્યત્મિક એવં વૈદિક સંસ્કૃતિ જ ખોય બેઠો હોય તેમ પદ..પૈસા..અને પ્રતિષ્ઠા મેળવવા કે પછી ધરાર પકડી રાખવા. જાહેર માં વેચાય - ખરીદાય રહ્યો છે. જેમાં આપણને માત્ર ખંધા ભ્રષ્ટ વ્રુતિના માનિતા રાજકારણીઓ ધારાસભ્યો, સાંસદ સભ્યો કે પછી નાના મોટા પ્રજાના પ્રતિનિધિઓ, વેચાતા કે ખરીદાયા દેખાય છે તેમ ક્રીકેટરો નું કરોડો રૂપિયા માં જાહેર લીલામ જોય શકાય છે. પણ હવે તો આપણા સનાતન હિન્દુ ધર્મ એવં સંસ્કૃતિના વાહકો કે જેના પર સમગ્ર સનાતન ભારતિય હિન્દુ સંસ્કૃતિનો આધાર છે. તેવા સાધુ સંતો એવં ભગવા ધારીઓ કે જેના પર પર સનાતની ધર્મીઓ એ દઢ વિશ્વાસ સાથે પુજનીય આદરણીય આધ્યાત્મિક પવિત્ર સ્થાન આપેલું છે. તેવા સાધુ સંતો પણ પદ ગાદી મેળવવા રીત ના કરોડોની લેતી દેતી ..એવં ખરીદ વેચાણનું બજાર બનાવી વેચાતા હોવાના આક્ષેપો. ખુદ સાધુ સંત મંડળમાં થી કરવામાં આવી રહ્યા છે કે નહીં ? પણ તે દેખાતું નથી કારણ લગભગ સનાતની સમાજ પોતાની આંખ પર ધર્મ ની પટી બાંધીને બેઠેલો હોય તો આ બધું દેખાય ખરૂ?

એટલું જ નહીં લોકશાહીની આધાર સમાન ચોથી જાગીર એવં પણ બસો પંદરસો રૂપિયા ના કવર માટે કોઈ ના ઘૂંટણીએ પડી જતાં હોય તે પણ મને તમને અને સૌને શું થોડામાં ઘણું કહી જતુ નથી ? ગરવા ગીરનારની ટોચ પર બિરાજતી ભારતીય સનાતન હિન્દુ ધર્મીઓ જેમાં અતૂટ આસ્થા અને શ્રદ્ધા છે તેવી માં અંબાજીના મંદીર ના મહંત બનવા માટે કરોડો રૂપિયા નો આર્થિક વ્યવહાર



થયો હોવાનો ભૂતનાથ મંદિરના મહંતશ્રીએ કરેલા આક્ષેપો મુચકુંદ મહાદેવ મંદિરનાં મહંત મહેન્દ્રાનંદ દ્વારા ભાર પૂર્વક નકારી કાઢેલ પણ જાણે કે આ પત્રકાર પરિષદ જુનાગઢના નિષ્ઠાવાન અને પ્રમાણિક પત્રકારોને સિધ્ધિ ધમકી જ આપવા બોલાવી હોય તેમ આ સાધુ ને એવું શુરાતન ચડ્યું કે પછી પ્રથમ થી પોતાની હા જી કરનારા હજુરીયા એવં કલમ ઘસુ મનાતા પત્રકારોને ભેગા કરેલા હોય તેમ સાચા સંત કે સાધુને ન શોભે તેવો સ્ટંટ કર્યો કે સમજી ને લખજો બાકી મજા નહીં આવે તેવી ખુલ્લી ધમકી આપી છતાં ત્યાં ઉપસ્થિત એક પણ કહેવાતા કે પછી બની બેઠેલા પત્રકારનું લોહી ધગી ન ઉઠયું. બાકી ચોથી જાગીર ની ધારધાર કલમ ને આવી ખુલી ધમકી આપવાની કોઈના બાપની તાકાત હોય શકે ખરી ?

જે હોય તે પોદરો પડે એટલે ચપટી ધુળ તો ઉપાડે જ એમ આ મંદિરના મહંત પદમાં ક્યાંકને ક્યાંક આધ્યાત્મિક તા ને ન છાજે તેવું કંઈકને કંઈક તો થયું જ છે.

# કેન્સરને હરાવવા નકારાત્મકતાને દુર કરી સકારાત્મક સમજની(સમયસર-સારવારની) જાગૃતતાથી જીતવા-જીવતા શીખો : ડો.ખ્યાતી વસાવડા

## દર્દીનું મનોબળ, પારિવારિક સહયોગ અને હોસ્પિટલનું હસકારાત્મક વલણ કેન્સરની લડાઈ સામે બ્રહ્માસ્ત્ર સમાન

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૯

''કેન્સર'' શબ્દ સાંભળતા જ દર્દી તેના પરિવારના મનોબળના સેન્સર નબળા પડી જતા હોય છે પરંતુ તેનાથી ડરવા કે રડવાને બદલે તેને (કેન્સરને) હરાવવા માટે આપણે નકારાત્મકતાને દૂર કરી સકારાત્મક સમજ (સમયસર-સારવાર)ની જાગૃતતાથી જીતવા અને જીવતા શીખવું જોઈએ તેમ રાજકોટ કેન્સર સોસાયટીના મેડીકલ ડાયરેકટર અને મોઢા તથા ગળાના કેન્સરના નિષ્ણાંત ડો.ખ્યાતી વસાવડાએ કેન્સર વિશે માહિતી આપતા જણાવેલ હતું. તેમણે એક કેસની વાત કરી, જેમાં એક ૨૨ વર્ષીય યુવાનને જડબાનું કેન્સર હતું અને તેઓ સારવાર અર્થે રાજકોટ કેન્સર સોસાયટી (નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ) ખાતે આવેલ હતા. રાજકોટ કેન્સર સોસાયટીના મેડીકલ ડાયરેકટર અને મોઢા તથા ગળાના કેન્સરના નિષ્ણાંત ડો.ખ્યાતી વસાવડાની દેખરેખ હેઠળ દર્દીની સારવાર શરૂ કરવામાં આવી હતી. આ દર્દીની તપાસ અને જરૂરી રિપોર્ટસ કરતા માલૂમ થયુ કે દર્દીની સર્જરી કરવી આવશ્યક છે. આ દર્દીની સર્જરી બાદ ચહેરો પહેલા જેવો જળવાઈ રહે તે માટે પગનું હાડકૂ જડબામાં પૂનઃનિમાર્ણ કરવાની ફરજ પડી હતી. આ ઓપરેશનમાં ડો.ખ્યાતી વસાવડા સાથે નિષ્ણાંત અને અનુભવી તબીબોની ટીમ જેમાં પ્લાસ્ટીક સર્જન ડો.ધવલ બારીયા તથા ડો.ભાવિન માધાણીએ જહેમત ઉઠાવેલ હતી. જયારે દર્દીને સર્જરી કરવાથી તેનો ચહેરો પહેલા જેવો ન રહે તેવા સમયે દર્દીને સમાજમાં બહાર નીકળવા સંકોચની લાગણી ઉદભવતી હોય ત્યારે આ પ્રકારની ટેકનોલોજી અને સર્જીકલ સારવારમાં આધૂનિકતા દર્દીના જીવનની ગુણવત્તા સુધારવામાં મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. જેના માટે રાજકોટ કેન્સર સોસાયટી સતત પ્રયત્નશીલ છે. ડો.ખ્યાતી વસાવડાએ મોઢાના કેન્સર વિશે માહિતી આપતા જણાવેલ હતું કે હોઠ, જીભ, ગાલ, ગલોફા, જડબા, ઉપર-નીચેના પેઢા અને તાળવા માંથી કોઈપણ જગ્યાએ કેન્સર હોય તો તેને મોઢાનું કેન્સર કહેવાય છે. આપણા દેશમાં અને એમાં પણ આપણા ગુજરાતમાં મોઢાના કેન્સરના કેસો સૌથી વધૂ જોવા મળે છે.છેલ્લા ૧૦ વર્ષમાં નાની ઉમરની વ્યકિતઓમાં આ કેન્સર થતું જોવા મળ્યું છે જે ચિંતાજનક છે. પહેલા આ કેન્સર ૫૦થી વધુ ઉમરમાં વ્યક્તિઓમાં જોવા મળતું હતું પરંતુ હવે ૩૦ થી ૪૦ વર્ષની વયના યુવાનોમાં જોવા મળે છે. જેનું મુખ્ય કારણ તંબાકૂ,બીડી-સીગારેટ વગેરેનું વ્યસન છે. દર્દીને સર્જરી બાદ રાજકોટ કેન્સર સોસાયટી દ્વારા મળતું હકારાત્મક પ્રોત્સાહન અને ક્રિટીકલ કેરની સુવિધાઓથી દર્દીનું સર્જરી બાદનું પરિણામ



ખૂબ જ સારૂ રહે છે. આ ઉપરાંત દર્દીનું મનોબળ અને પારીવારીક સહયોગથી કેન્સર સામેની લડાઈમાં અવશ્ય જીત મેળવી શકાય છે. ડો.ખ્યાતી વસાવડા નમ્ર અપિલ કરે છે કે આવા દર્દીઓની મદદ કરવી અને કેન્સર પ્રત્યે હકારાત્મત જાગૃતતા ફેલાવવી જોઈએ.રાજકોટ કેન્સર સોસાયટીના આ સંકલ્પ સાથે આપ જોડાવ અને કેન્સરગ્રસ્ત દર્દીને લાબું અને ગુણવત્તાયુકત જીવન મળે તે માટે ચાલો આપણે સૌ પ્રયત્ન કરીએ.

### કચ્છ જિલ્લાના રાપર તાલુકાના આડેસર ગામે

# પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તબીબના અભાવે કેન્દ્રની બહાર રાત્રીના સમયે ગર્ભપાત થયો : જેમાં મૃત બાળકનો જન્મ થયો

કચ્છ,તા.૨૯

કચ્છ જિલ્લાના રાપર તાલુકાના આડેસર ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તબીબના અભાવે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની બહાર રાત્રીના સમયે ગર્ભપાત થયો હતો, જેમાં મૃત બાળકનો જન્મ થયો હતો.

રાપર તાલુકાના આડેસર ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ઘણા સમયથી કાયમી તબીબ નથી. બાજુના ગામ ભીમાસરના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આયુષ તબીબ ડો.દર્શનાબેન શ્રીમાળી છેલ્લા છ માસથી આડેસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં આવે છે. પરંતુ ભારે વરસાદ અને પૂર દરમિયાન તે સતત ગુમ રહે છે.

આડેસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કાયમી તબીબની ગેરહાજરીના કારણે ગ્રામજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ અંગે મીડિયામાં ઘણી પ્રતિક્રિયાઓ આવી હતી, પરંતુ કોઈ પગલાં ન લેતા ડૉક્ટરના ભોગે ગર્ભપાત થઈ ગયો છે.

એક તરફ રાપર તાલુકો વિકાસશીલ તાલુકામાં સમાવિષ્ટ છે અને અહીં આરોગ્યની સુવિધાઓને લઈને ઘણી ચર્ચાઓ થઈ રહી છે, પરંતુ આડેસરમાં બનેલી ઘટનાથી સ્થાનિક લોકો ચોંકી ઉઠ્યા છે કારણ કે પરિવાર આડેસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પ્રસુતિને લઈને આવ્યો હતો. ઈકો કાર્ટ, પરંતુ ત્યાં હાજર ડોકટર સહિત કોઈ સ્ટાફ ન હોવાથી ગર્ભપાત થયો હતો.

માનવતાને શરમાવે તેવી ઘટના આડેસર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની બહાર બની, ઈકો કાર્ટમાં મહિલાની ડિલિવરી થઈ હોવા છતાં ત્યાં કોઈ સ્ટાફ કે ડોકટર ન હતા. નજીકમાં ઉભેલા ૧૦૮ના સ્ટાફે મહિલાની પીડા સમજી તાત્કાલિક જરૂરી સારવાર આપી હતી. વીડિયોમાં, સરગભાને ગર્ભપાત કરાવનાર મહિલાના સંબંધીને હોસ્પિટલની બહાર લઈ આવતા જોઈ શકાય છે, જેમાં બાળક મૃત હાલતમાં જન્મેલો જોવા મળ્યો હતો.

## જેતપુર એસટી ડેપોમાં વિદ્યાર્થીના મુસાફરી પાસની પ્રશંસય કામગીરી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

હાલ દિવાળી વેકેશન ખુલતા વિદ્યાર્થીઓને સરળતાથી પાસ મળી રહે તે માટે નિગમ દ્વારા ઓનલાઈન પાસ કાઢવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેતપુર એસટી ડેપો મેનેજર એસ.બી. પરમાર દ્વારા વિદ્યાર્થીઓને સરળતાથી પાસ મળી રહી તે માટે તાલુકાની શાળા-કોલેજોના સંકલનમાં રહીને પાસ કાઢવાની કામગીરી કરવામાં આવી રહેલ છે. આ નવતર પ્રયોગના લીધે બસ સ્ટેન્ડ ખાતે પાસ કાઢવા માટે લાંબી લાઈન હવે જોવા મળતી નથી. આ નવતર પ્રયોગને કારણે જેતપુર તાલુકાના વિદ્યાર્થી દ્વારા આવકારવામાં આવેલ છે અને જેતપુર તાલુકાના વિદ્યાર્થી તેમજ આચાર્ય દ્વારા આભાર માનવામાં આવેલ છે.

## જૂનાગઢ જીલ્લામાં ૩ના અકાળે મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ જીલ્લાના કેશોદ, વંથલી અને માંગરોળ મરીન પોલીસ મથકોએ ત્રણના અકાળે અપમૃત્યુના ૩ બનાવો નોંધાયા છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે દેવવ્રતભાઈ હિતેશભાઈ વ્યાસે જાહેર કરેલ કે મૃતક સાગરભાઈ અનીલભાઈ જોષીએ કોઈ અગમ્ય કારણોસર કેશોદ સુમન સોસાયટીમાં આવેલ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ લીધાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

જયારે વંથલીના ઝાંપોદડ ગામે રહેતા મોહનભાઈ મુળજીભાઈ ભુત(ઉ.વ.૯૫)ને પાંચેક વર્ષથી શ્વાસની અન કીડનીની બીમારી હોય જેનું દુઃખ સહન ન થતા લાગી આવતા એસીડ પી લેતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું મૃતકના પુત્ર મહેશભાઈએ વંથલી પોલીસ મથકે જાહેર કરતા પોલીસે કાર્યવાહી કરી છે.

તેમજ માંગરોળ મરીન પોલીસ મથકે બાબુભાઈ ભીવાભાઈ બુજડે જાહેર કરેલ કે મૃતક રાજેશભાઈ બાબુભાઈ વલ્વી(ઉ.વ.૫૧) દરીયામાં મંદાકિની બોટમાં માછીમારી કરતા હોય ત્યારે ઓજા નાખવા જતા બોટમાંથી અચાનક પગ લપસી જતા દરીયાના પાણીમાં પડી જતા ડુબી જવાથી મૃત્યુ નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

# ખંભાળિયામાં સંવિધાન દિવસ નિમિત્તે યોજાઈ સંવિધાન ગૌરવ યાત્રા



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

ખંભાળિયામાં સંવિધાન દિવસ નિમિત્તો તાજેતરમાં ભાજપના કાર્યકરો દ્વારા સંવિધાન ગૌરવ યાત્રાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પગપાળા યાત્રામાં ડો. બાબાસાહેબને અંજલી અર્પણ કરી, અને સંવિધાનના શપથ લેવાયા હતા. ભારતીય જનતા પાર્ટી અનુ. જાતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષ ગૌતમભાઈ ગેડીયા તથા દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવીના માર્ગદર્શન હેઠળ તાજેતરમાં ખંભાળિયામાં દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ અનુ. જાતિ મોરચા દ્વારા સંવિધાન દિવસ નીમીતે સંવિધાન ગૌરવ યાત્રા યોજાઈ હતી. આ પ્રસંગે પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાના મંત્રી બાબુભાઈ ચાવડા, દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ મહામંત્રી, ખંભાળિયા નગરપાલિકા પૂર્વ પ્રમુખ પી.એમ. ગઢવી, અશોકભાઈ કાનાણી, ધીરુભાઈ ટાંકોદરા, જિલ્લા મોરચા પ્રમુખ એડવોકેટ મહેન્દ્રભાઈ મકવાણા,

**મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા : સંવિધાનના શપથ લેવાયા**

મહામંત્રી કે.ડી. જોડ, ઉપપ્રમુખ રાહુલભાઈ બેરડીયા, કોષાધ્યક્ષ મનુદાદા માતંગ, શહેર ભાજપ મહામંત્રી ઈન્દ્રજીતસિંહ પરમાર, નગરપાલિકાના મોહિતભાઈ મોટાણી, કારોબારી ચેરમેન રેખાબેન ખેતીયા, દંડક મયુરભાઈ ધોરીયા, કિશાન મોરચાના કાનાભાઈ કરમુર, શામજીભાઈ નકુમ, ઉકાભાઈ કણઝારીયા, સી.ડી. મકવાણા જામનગર શહેર ભાજપ મંત્રી અનુ જાતિ મોરચા, શહેર અનુ. જાતિ મોરચા પ્રમુખ પ્રવીણભાઈ જમજોડ, મહામંત્રી બાબુભાઈ ચાવડા, સંજયભાઈ વાઘેલા, તાલુકા અનુ. જાતિ મોરચા પ્રમુખ લખુભાઈ ચાવડા, પાલાભાઈ પરમાર, કરસનભાઈ માતંગ વિગેરે કાર્યકરોની ઉપસ્થિતિમાં સાથે અહીંના નગર ગેઈટ પાસે આવેલા પેટ્રોલ પંપ પાસેથી સંવિધાન ગૌરવ યાત્રાનો પગપાળા પ્રારંભ કરાયો હતો. અહીંના મિલન ચાર રસ્તા પાસે ડો. બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યુ પાસેની રેલી સ્વરૂપે મોટી સંખ્યામાં લોકો સામાજિક કાર્યકરો તેમજ સામાજિક આગેવાનો, કોર્પોરેટરો, પદાધિકારીઓ, આગેવાનો, કાર્યકરોની ઉપસ્થિતિમાં સંવિધાન-પુજન કરાયું હતું. સંવિધાનના શપથ પણ લેવડાવ્યા હતા. આ આયોજનમાં મોટી સંખ્યામાં સામાજિક આગેવાનો તથા પાર્ટીના કાર્યકર્તાઓ જોડાયા હતા.

## ખંભાળિયામાં સ્વ. રામભા બાબરીયાની પુણ્ય સ્મૃતિમાં રવિવારે રક્તદાન કેમ્પ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

ખંભાળિયાના જાણીતા સેવાભાવી સ્વ. રામભા ખીમભા બાબરીયાની પુણ્યતિથિ નિમિત્તે આગામી રવિવાર તા. ૧ ડિસેમ્બરના રોજ અત્રે શેઠ કાનજી ચતુ ધર્મશાળા ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં રક્તદાન પ્રવૃત્તિના પ્રણેતા અને સેવાભાવી કાર્યકર પંકજભાઈ બાબરીયા આયોજીત આ રક્તદાન કેમ્પમાં લાયન્સ ક્લબ, શિવમ સોસાયટી અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો સેવામાં સહભાગી થશે. આ સેવા પ્રવૃત્તિમાં રવિવારે સવારે ૯થી બપોરે ૨ વાગ્યા સુધી મહત્તમ રક્તદાન કરવા પંકજભાઈ બાબરીયા, દિનેશભાઈ બોડા કે તથા મહેશભાઈ નકુમ દ્વારા રક્તદાતાઓને અનુરોધ કરવામાં આવ્યો છે.

## મહુવામાં રાજગોર મહિલા મંડળ દ્વારા અસ્મિતાબેન રવિયાનું સન્માન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

ગઈકાલે મહુવામાં રાજગોર મહિલા મંડળની મિટીંગ ધર્મિષ્ઠાબેન તેરૈયાના નિવાસ સ્થાને મળેલ જેમાં મહુવાના પ્રાંત અધિકારી ધવલભાઈ અરવિંદભાઈ રવિયાના માતા અસ્મિતાબેન રવિયા કે જેઓ વિચારક્રાંતિ અભિયાન સાથે જોડાય અને મહિલાઓના ઉત્કર્ષ માટે હંમેશા માર્ગદર્શન આપતા રહ્યા છે. તેવા સેવાભાવી અસ્મિતાબેનનું મહિલા પાંખના પ્રમુખ જાગૃતિબેન મહેતા, ઉપપ્રમુખ ભારતીબેન મહેતા, દક્ષાબેન ભુટક, વૈશાલીબેન તેરૈયા, આરતીબેન માઢક, ભાવિકાબેન તેરૈયા, પ્રિતીબેન માઢક, ગીતાબેન મહેતા, દયાબેન રવિયા સહિત મહિલા મંડળના બહેનો ઉપરાંત અન્ય મહિલા અગ્રણીઓએ પુષ્પગુચ્છ આપી સન્માન કર્યું હતું.

## જૂનાગઢમાં યોગ સાધક ભાઈ-બહેનો માટે દ્વારકાની યાત્રા યોજાશે

જૂનાગઢ તા. ૨૯ : જૂનાગઢના મોતીબાગ યોગવર્ગના યોગ શિક્ષક તેમજ પતંજલી યોગપીઠનાં જૂનાગઢ જીલ્લા પ્રભારી વિઠ્ઠલદાસ કાપડીની યાદી જણાવે છે કે, મોતીબાગ યોગ સાધક ભાઈ-બહેનોનો દ્વારકાની યાત્રા તા. ૩૦-૧૧-૨૪ અને ૧-૧૨-૨૪ બે દિવસ માટેનું આયોજન કરેલ છે. આ યાત્રા સ્પેશીયલ બસ દ્વારા યોગ સાધક કનુભાઈ વઘાસીયા રીટાયર્ડ ફોરેસ્ટ અધિકારી પોતાનાં સ્વખર્ચે કરાવી યાત્રાનાં પુણ્યનો લાભ પ્રાપ્ત કરે છે.

## ખંભાળિયામાં મિલકત સંદર્ભે મનાઈ હુકમની અરજી નામંજૂર

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

ખંભાળિયા તાલુકાના કોટા ગામે આવેલી ચોક્કસ સર્વે નંબરની એક જમીન પૂંજા ડાયા નકુમ વિગેરેએ સામત મારખી ગોરીયા પાસેથી વેચાણ કબજા સાથે રાખેલી હતી. અગાઉ બેંકનું દેવું હોવાથી પુંજા ડાયાના નામે રેવન્યુ રેકોર્ડમાં નામ ચડ્યું ન હતું. તેમ છતાં પણ તેમણે ભાવેશ દેવુ રૂડાચ સાથે જમીન રૂપિયા ૪૫ લાખમાં વેચાણ આપવાનું નક્કી કર્યું હતું. તેમજ ભાવેશ રૂડાચએ જમીન અંગે સ્ટેમ્પ પેપર ઉપર ખેતીની જમીનનું વેચાણ અંગેનું લખાણ લખાવી લઈ, અને પક્ષકારો અને સાથીઓની સહી કરાવી લીધી હતી. ત્યાર બાદ સબ રજીસ્ટર કચેરીમાં દસ્તાવેજની નોંધણી કરાવેલ નહીં અને સોદો કેન્સલ થયો હતો. તેમ છતાં ભાવેશ દેવ રૂડાચએ જમીનનો કબજો રાખી લઈ અને જમીન પચાવી પાડતા ભાવેશ દેવુ રૂડાચ અને તેના ભાઈ વેરશી દેવુ રૂડાચ તથા પિતા દેવુ ખીમા રૂડાચ સામે ખંભાળિયા

### :: અવસાન નોંધ ::

દ્વારકા નિવાસી ગૌ. લો. લક્ષ્મીદાસ રામજી પાબારી (એલ આર ગ્રુપ)ના જ્યેષ્ઠ પુત્ર પ્રાણજીવનભાઈ લક્ષ્મીદાસ પાબારી તે બિપીનભાઈ લક્ષ્મીદાસ પાબારીના મોટાભાઈ, ડાયાભાઈ, જેન્તીભાઈ, કિશોરભાઈના પિતા, મુન્નાભાઈ તથા નિલેશભાઈના અદા, બ્રિજેશ, પરાગ, હર્ષ, રોનક, મદેશ, દર્પણ, હેતના દાદા અને તે સ્વ. સામજી માવજી બારાઈ (નાગેશ્વર વાળાના જમાઈ) શ્રીજી ચરણ પામેલ છે. સદગતનું બેસણું તથા સસરા પક્ષની સાદડી આજે તારીખ ૨૯-૧૧-૨૦૨૪, શુક્રવાર ના સાંજે ૪:૩૦ થી ૫:૦૦ વાગ્યે ભાઈઓ તથા બહેનો માટે શ્રી લોહાણા મહાજન વાડી દ્વારકા ખાતે રાખેલ છે.

### નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **દક્ષાકુમારી ભીખાલાલ કટારિયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **દક્ષાબેન સુભાષભાઈ ધીવારે** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**દક્ષાબેન સુભાષભાઈ ધીવારે**

પ્લોટ નં.૩૪, મંગલધામ સોસાયટી,

ટીંબાવાડી, જૂનાગઢ-૩૬૨૦૦૧

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં અધ્યાપક ડો. રાજેશ રવિયાનું બનારસ હિન્દુ વિશ્વ વિદ્યાલય ખાતે આયોજીત કોન્ફરન્સમાં પ્રેઝન્ટેશન

## બનારસ હિન્દુ યુનિવર્સિટી એવી સરસ્વતિ ઉપાસનાભુમિ ખાતે યોજાયેલ કોન્ફરન્સમાં ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલયનું પ્રતિનીધિત્વ કરી ડો. રાજેશ રવિયાએ યુનિ.નું ગૌરવ વધાર્યુ : પ્રો. (ડો.) ચેતન ત્રિવેદી, કુલપતિ




જૂનાગઢ, તા. ૨૯

શિક્ષણક્ષેત્રેઅદ્યતન પ્રગતિની ચર્ચા કરવા માટે બનારસ હિન્દુ યુનિવર્સિટી ખાતે મૂળભૂત વિજ્ઞાન, પર્યાવરણીય અભ્યાસો, અને પરંપરાગત દવાની અનુવાદાત્મક શોધ અને વિકાસ માટે આયોજીત એડવાન્સમેન્ટ આંતર રાષ્ટ્રીય કોન્ફરન્સમાં વિશ્વભરના સંશોધકો અને ઉદ્યોગ વ્યાવસાયિકો એકત્રીત થયા હતા. આ રજૂઆત કોન્ફરન્સમાં સંશોધનના તાજેતરના તારણો, ઉદ્યોગના વલણો અને આ ક્ષેત્રમાં ભવિષ્યની શક્યતાઓ વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. સમીક્ષા ગોષ્ઠીની શ્રોતા ગેલેરીમાં ઉપસ્થિત બૌધ્ધિકો કુશળતા, આકર્ષક ડિલિવરી અને વ્યવહારુ આંતરદષ્ટિથી પ્રભાવિત થયા હતા.

કોન્ફરન્સમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં લાઈફ સાયન્સ વિભાગનાં બોટનીમાં સહયોગી પ્રોફેસર ડો.રાજેશ રવિયાના યોગદાનને ઉપસ્થિતોએ બિરદાવ્યું હતું. ડો. રવિયાનાં પ્રવચનમાં મૂલ્યવાન જ્ઞાન અને ઉત્તેજિત વિચાર-પ્રેરક ચર્ચાઓ પ્રદાન કરવામાં આવી હતી. તેમની નિપુણતા અને ક્ષેત્ર પ્રત્યેનો જુસ્સો તેમની રજૂઆતના દરેક પાસાઓમાં સ્પષ્ટ દેખાઈ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનિય છે કે બનારસ હિન્દુ યુનિવર્સિટી **(BHU)** એ ભારતની ઉચ્ચ શિક્ષણની અગ્રણી સંસ્થાઓમાંની એક છે, જે તેની શૈક્ષણિક શ્રેષ્ઠતા અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા માટે જાણીતી છે. યુનિવર્સિટીમાં બૌદ્ધિક વિનિમય અને નવીનતાને પ્રોત્સાહન આપતી ઉચ્ચ-ગુણવત્તાવાળી આંતરરાષ્ટ્રીય પરિષદોનું આયોજન કરવાની લાંબા સમયથી પરંપરા છે. આ કોન્ફરન્સમાં વિષય પ્રસ્તુત કરનાર ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં ડો. રાજશે રવિયાએ મૂળભૂત વિજ્ઞાન, પર્યાવરણીય અભ્યાસો, અને પરંપરાગત દવાની અનુવાદાત્મક શોધ અને વિકાસ અંગે પોતાનું પ્રેઝન્ટશન પ્રસ્તુત કરી યુનિ. અને સમગ્ર જૂનાગઢનું ગૌરવ વધાર્યુ હતું. ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ ડો. રાજેશ રવિયાની કાર્યસિધ્ધીને બિરદાવતા જણાવ્યુ હતુ કે બનારસ હિન્દુ યુનિવર્સિટીની સ્થાપનામાં જેમનુ અમુલ્ય યોગદાન છે એવા મદનમોહનમાલવિયા, એનીબેસન્ટ, દરભંગારાજના મહારાજા રામેશ્વરસિંહ અને નારાયણ વંશના પ્રભુનારાયણસિંહ અને આદિત્યનારાયણસિંહ દ્વારા શિક્ષારંભ થયો એવી સરસ્વતિ ઉપાસનાભુમિ ખાતે યોજાયેલ કોન્ફરન્સમાં સમગ્ર રાષ્ટ્રમાંથી નિર્ણાયક વ્યક્તિ વિશેષોમાં ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલયનું પ્રતિનીધિત્વ કરી બોટની વિભાગનાં એસોસીયેટ પ્રોફેસર ડો. રાજેશ રવિયાએ યુનિ.નું ગૌરવ વધાર્યુ છે. આધુનિક વૈદક, ઈજનેરી, ઈલેક્ટ્રોનિક્સ, કૃષિ, ખનનશાસ્ત્ર, દશ્યકલા, ધર્મશાસ્ત્ર, ધાતુશાસ્ત્ર, પત્રકારત્વ, પ્રયુક્તકલા, પ્રાચ્યવિદ્યા, પ્રાણીશાસ્ત્ર, પ્રૌદ્યોગિકી, ભારતીય વૈદક, ભાષા, ભૌતિકશાસ્ત્ર, યાંત્રિકી, વનસ્પતિશાસ્ત્ર, વાણિજ્ય, વિજ્ઞાન, વિધિ, શિક્ષણશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, સંગીત, સાહિત્ય આદિ અભ્યાસક્રમોમાં છાત્રોનું જ્ઞાનવર્ધન કરતી બનારસ હિન્દુ વિશ્વ વિદ્યાલયરાજયોની સામાજિક-આર્થિક સ્થિતિના અભ્યાસ અને સંશોધન માટેનું વિશેષ કેન્દ્ર તેનાં સંશોધનવૃત્તાંતો તથા સામયિકો પ્રગટ કરે છે.યુનિવર્સિટી ખાતે દસ લાખ ગ્રંથો ધરાવતું સમૃદ્ધ ગ્રંથાલય છે. 'ભારત કલાભવન' નામનું સંગ્રહાલય કલા અને પુરાતત્વ ઉપરાંત વિશેષ વિદ્યાશાખાઓના નમૂનાઓથી સમૃદ્ધ છે. આ વિશ્વ વિદ્યાલય ખાતે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. શૈક્ષીકસંધાન કરી અનેક પ્રેરણાદાયી કાર્યો અંગે કટીબધ્ધતા વ્યક્ત કરે છે.

# જૂનાગઢમાં મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સીટીની બહેનોએ સાહસિક ખડક ચઢાણની દસ દિવસની શિબિર પૂર્ણ કરી



જૂનાગઢ તા.૨૯

રાજય સરકારના કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર આયોજીત અને જિલ્લા યુવા અને સાસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જૂનાગઢ અને મહારાજા કૃષ્ણકુમારસિંહજી યુનિવર્સીટી ભાવનગર પ્રાયોજીત બહેનો માટે ખડક ચઢાણ બેઝિક કોર્સ તા.૧૬-૧૧-૨૦૨૪ થી તા.૨૫-૧૧-૨૦૨૪ દરમિયાન જૂનાગઢ ખાતે યોજાયો. જેમા મહારાજા કૃષ્ણકુમાંરસિંહજી યુનિવર્સીટી ની ૫૧ બહેનોએ તથા અન્ય સ્વ ખર્ચે ૦૪ બહેનો સહીત કુલ ૫૫ જેટલી બહેનો એ તાલીમ લીધી હતી.

સફળતાપૂર્વક તાલીમ મેળવનાર તમામ તાલીમાર્થીઓને પૂર્ણાહુતી કાર્યક્રમમાં અધ્યક્ષ, કર્નલ શ્રીકુમારન પિલ્લાઈ બી.,કમાન્ડીંગ ઓફિસર, ૮ ગુજરાત બટાલીયન એન.સી.સી.જુનાગઢ., વાલી એ સોરઠ હાઈ સ્કૂલના પ્રિન્સિપાલ હારૂનભાઈ વિહળ, ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ ઉપેન્દ્રસિંહ એમ. રાઠોડ, માઉન્ટઆબુ ખાતેની સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થાના પૂર્વ પ્રિન્સીપાલ કે.પી. રાજપૂત તથા માનદ ઈન્સ્ટ્રક્ટરોના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ ખડક ચઢાણ બેઝિક કોર્સમાં અંબર વિષ્ણુ રાજસ્થાન, હેમચન્દ્રા પરમાર બરવાળા, પ્રિયા સોલંકી રાજકોટ, પ્રિયા મ્યાત્રા માણાવદર, પરેશ ચૌધરી પાલડી-મીઠી, દશરથ પરમાર પાટણ, રોહિત વેગડ સરતાનપર માનદ ઈન્સ્ટ્રક્ટર તરીકે સેવા આપી હતી

આ કાર્યક્રમમાં અધ્યક્ષ, કર્નલ શ્રીકુમારન પિલ્લાઈ સાહેબ એ બધા શિબીરાથીઓ ને પ્રોત્સાહન આપ્યું કે આવી શિબિર માં આવવું બહુ મોટી વાત છે તથા આખા ભારત માં હું બધી પર્વતારોહણ સંસ્થામાં ફર્યો છુ આ ગુજરાતની એક માત્ર અને બહુ સારી વિકસિત પર્વતારોહણ તાલીમ સંસ્થા છે તેથી આવી સંસ્થાનો લાભ વધુને વધુ ભારતભર ના વિધાર્થીઓને મળવો જોઈએ.

આ કાર્યક્રમમાં હારૂનભાઈ વિહળે કેમ્પના બાળકોને પ્રોત્સાહન આપતા કહ્યું સારી રીતે રહેવાનું ,મહેનત કરવાની, ખરાબ વર્તન નહિ કરવાનું અને જીવન માં આગળ વધવા માટેની ચાવી આપી હતી. આ તકે કેમ્પ ના શિબિરાર્થીઓ દ્વારા કેમ્પ ના અનુભવો વિષે તેમના અભિપ્રાય વ્યક્ત કરતા જણાવ્યુ કે ખડક ઉપર ચઢાણ અને ઉતરાણ કરતા શીખ્યા, પર્વતારોહણની તાલીમમાં પ્રકૃતિ ના ખોળે રહેવાનો આનંદ જ અલગ હતો. ર કાર્યક્રમના પ્રારંભે શાબ્દિક સ્વાગત સાથે શિબિર અંગેની માહિતી માનદ ઈન્સ્ટ્રક્ટર પ્રિયા સોલંકીએ આપી હતી. આભાર વિધિ માનદ ઈન્સ્ટ્રક્ટર અંબર વિષ્ણુ કરી હતી.

# બાગાયત ખાતાની વિવિધ યોજનાકીય સહાય માટે આઈ ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકાશે

## જૂનાગઢ જીલ્લાના ખેડૂતો તા.૧ ડિસેમ્બરથી આઈ ખેડૂત પોર્ટલ ઉપર અરજી કરી શકશે

જૂનાગઢ, તા.૨૯

જૂનાગઢ જિલ્લાના બાગાયતદાર ખેડૂતો ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ માટે અરજી કરી શકે તે માટે તા. ૦૧/૧૨/૨૦૨૪થી આઈ-ખેડુત પોર્ટલ **http:// ikhedut.gujarat.gov.in** ખુલ્લું મૂકવામાં આવશે. જે અંતર્ગત જૂનાગઢ જિલ્લાના બાગાયતદાર ખેડૂતોએ સહાયલક્ષી ઘટકો જેવા કે સરગવા, પ્લાસ્ટિક મલ્ચ લેઈંગ મશીન, કાચા મંડપ ટમેટા/મરચા અને અન્ય શાકભાજીના ટ્રેલીઝ, અર્ધ પાકા મંડપ-વેલાવાળા શાકભાજીના પેડલ, શાકભાજી પાકોમાં પ્રાકૃતિક ખેતી, મેન્યુઅલ સ્પ્રેયર/નેપસેક-ફુટ સ્પ્રેયર/પાવર નેપસેક પંપ, પ્રોસેસિંગ યુનિટ અને કાપણીના સાધનો, ઔષધીય પાકના નવા ડીસ્ટીલેશન યુનિટ ,ખેતર પરના શોર્ટીંગ,ગ્રેડિંગ, પેકીંગ યુનિટ, મિશન મધમાખી, છુટા ફૂલો,કંદ ફૂલ, બાગાયત મશીનરી, યાંત્રિકરણ ઘટકો માટે તા.૭/ ૧૨/૨૦૨૪ સુધી, જયારે કમલમ, ખારેક, પપૈયા, નાળિયેરી, કેળ ટિસ્યુ, વિવિધ ફળપાકો વાવેતર, કોમ્પ્રિહેંસિવ હોર્ટીકલ્ચર, નેટ હાઉસ, પોલી હાઉસ, આંબા જામફળ પાક વાવેતર તથા લીંબુના બગીચાઓનું નવીનીકરણ, કોલ્ડ ચેઈન સપ્લાય, રાઈપનીંગ ચેમ્બર, નાની નર્સરી, ફંક્શન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ક્રોપ કવર, પ્લાન્ટીંગ મટીરીયલ જેવા ઘટકોમાં લાભ મેળવવા માટે તા.૧૫/૧૨/૨૦૨૪ સુધી **ikhedut portal (www.i khedut. gujarat. gov.in)** ઉપરથી ઓનલાઈન અરજી કરવાની રહેશે, લગત તમામ યોજનાઓ સરકાર તરફથી મળતી આર્થિક સહાયનો લાભા લેવા માગતા તમામ ખેડૂતોએ આઈ ખેડૂત પોર્ટલમાં અરજી કરી,અરજીની પ્રિન્ટ નકલ, ૭-૧૨, ૮-અ, જાતીના દાખલા,આધાર કાર્ડ, રેશનકાર્ડ, બેંક બચત ખાતાની નકલ, નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, લઘુકૃષિભવન, નિલમબાગ, તાલુકા સેવા સદનની બાજુમાં, જૂનાગઢ ફોન નં.(૦૨૮૫) ૨૬૩૫૦૧૯ના સરનામે તાત્કાલીક પહોચડવી. તેમ નાયબ બાગાયત નિયામક જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# કોડીનાર- ઉના ઝાપાનો રોડ બિસ્માર થતા ધૂળની ડમરીઓ ઉડી

## ભારે ધૂળની ડમરીઓ ઉડતા અને રોડમાંથી પથ્થરો ગોળીની જેમ લાગતા લોકો ભારે હેરાન પરેશાન



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૨૯

કોડીનાર શહેરમાં ઉના ઝાપા વિસ્તારમાં આવેલ ટ્રાફીકથી ધમધમતો કોડીનાર ઉના હાઈવે રોડ અતિ બિસ્માર થતા ભારે ધૂળની ડમરીઓ ઉડતા લોકો ના સ્વાસ્થ્ય સામે ગંભીર પ્રશ્નનો ઉભા થયા છે.

કોડીનારના ઉના ઝાપામાં આવેલા આ રોડ ચોમાસામાં જર્જરિત થયા બાદ નિર્ભર તંત્ર દ્વારા તાકીદે રોડ ના બનાવાતા રોડ ઉપરથી પસાર થતા ભારે વાહનોના કારણે અતિશય માત્રામાં ધૂળની ડમરીઓ ઉડે છે જેના કારણે અહીંથી પસાર થતા રાહદારીઓ અને આ વિસ્તારના લોકોના સ્વાસ્થ્ય સામે ગંભીર ખતરો મંડરાઈ રહ્યો છે તેમજ રોડમાંથી હવે નાના નાના પથ્થરો પણ બહાર આવી ગયા હોય વાહનોના ટાયરના દબાણમાં પથ્થરો ગોળી જેમ હવામાં ઉડી લોકોના શરીરમાં ભટકાતા લોકો ઈજાગ્રસ્ત બની રહ્યા છે અને આ વિસ્તારની દુકાનોમાં પણ પથ્થરો વાગતા લોકોના માલનું પણ નુકશાન થઈ રહ્યું છે. આ અંગે તંત્રમાં ટેલિફોનિક અને મેસેજ દ્વારા જાણ કરવામાં આવતા રોડનું કામ મંજુર થઈ ગયેલ હોય રોડનું કામ પણ કોન્ટ્રાકટરને અપાઈ ગયો હોવાનું અને એક બે દિવસમાં કામ શરૂ થઈ જશે તેમ જણાવ્યા છતાં આજે ૧૦-૧૦ દિવસો વીતી ગયા છતાં રોડનું કામ શરૂ ન થતા આ વિસ્તારના લોકોમાં નિર્ભર તંત્ર સામે ભારે આક્રોશ ફેલાયો હોય રોડનું કામ તાત્કાલિક અસરથી શરૂ કરવા લોક માંગણી ઉઠી છે.

## જૂનાગઢમાં જાહેર સ્થળોએ ઘાસચારાના વેચાણ અને માલિકીના ઢોરને જાહેર રસ્તા ઉપર છોડી મૂકવા કે રખડતા ભટકતા રાખવા ઉપર પ્રતિબંધ

જૂનગાઢ, તા.૨૯

જૂનગાઢ મહાનગરપાલિકા વિસ્તારમાં વાહન ચાલકો અને જાહેર જનતાની સલામતી જળવાઈ રહે તથા ટ્રાફિક નિયમન થઈ શકે તેમજ લોકોના જાન સ્વાસ્થ્ય તથા સલામતી જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે એક જાહેરનામુ બહાર પાડ્યુ છે. જાહેરનામા મુજબ જૂનાગઢ મહાનગર-પાલિકાના વિસ્તારોમાં જાહેર માર્ગો, ફૂટપાથ તથા જાહેર સ્થળો ખાતે કોઈપણ વ્યક્તિએ ઘાસચારાનું વેચાણ કરવું નહીં કે જાહેરમાં ઘાસચારો નાખવો નહીં જૂનાગઢ મહાનગર-પાલિકાના વિસ્તારમાં માલિકીના ઢોરને જાહેરમાં તેમજ રસ્તાઓ ઉપર છોડી મૂકવા નહીં કે રખડતા ભટકતા રહે તે રીતે રાખવા નહીં. આમ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીએ જાહેરનામુ બહાર પાડી જૂનાગઢ મહાનગર-પાલિકાના વિસ્તારમાં જાહેર રસ્તાઓ ઉપર ઘાસચારો નાખવા તથા વેચવા ઉપર પ્રતિબંધ ફરમાવા તથા માલિકીના ઢોરને જાહેર રસ્તા ઉપર છોડી મૂકવા કે રખડતા ભટકતા રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ જાહેરનામુ તા.૨૧/૧/૨૦૨૫ સુધી અમલમાં રહેશે. ઉપરાંત આ જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય દંડ સંહિત,૨૦૨૩ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

# ગીર સોમનાથ જીલ્લા કારડીયા રાજપુત સમાજ દ્વારા આવકારદાયક પગલું



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૯

ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના પ્રાચી તીર્થ મુકામે કારડીયા રાજપૂત દુદાભાઈ ગીગાભાઈ ઝણકાટ ટ્રસ્ટ સંચાલિત ધર્માલયની સાધારણ સભા મળી હતી. તેમાં સમાજના શ્રેષ્ઠીઓ ૯ વર્ષથી સેવા આપતા હતા. તેઓએ ઐતિહાસિક નિર્ણય કરી નવ યુવાનોને તક આપવા ટ્રસ્ટી તરીકે પદ છોડીને નવા ટ્રસ્ટી મંડળની રચના કરી. આજે કોઈને હોદ્દા છોડવા નથી, પણ એક સાથે ૧૯ ટ્રસ્ટીઓએ પદ છોડી કારડીયા રાજપૂત સમાજમાં ઉદાહરણરૂપ પહેલ કરી છે.

સમાજના પ્રતિષ્ઠિત આગેવાનો દ્વારા આ કાર્યની ખુબ જ પ્રશંસા કરી નવા ટ્રસ્ટી મંડળને ઉમળકાથી આવકારેલ છે. નવા ટ્રસ્ટી મંડળમાં રામસિંહભાઈ જગમાલભાઈ ડોડીયાના પ્રમુખ સ્થાને નીચે મુજબના બધા ટ્રસ્ટીઓએ કાર્યભાર સંભાળીને સુંદર કામગીરી શરૂ કરી દીધી છે.

# એમપી ગ્રુપ નવા ઓનલાઈન પ્લેટફોર્મ અને ઓફલાઈન શાખાઓ દ્વારા વધુ ઉત્તમ વીમા સેવાઓ આપવા માટે સજ્જ



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૯

**MP** ગ્રૂપ, ઈન્સ્યોરન્સ અને ફાયનાન્સ સર્વિસમાં બે દાયકાથી વધુ સમયથી વિશ્વસનીય નામ છે, ઉત્તમ ઈન્સ્યોરન્સ સર્વિસ કેવી રીતે એક્સેસ કરવી તે અંગે એક નવીન પહેલ સાથે એક નવો અભિગમ તૈયાર કર્યો છે. ગ્રૂપ નવા એક ઓનલાઈન પ્લેટફોર્મ અને ઓફલાઈન શાખા દ્વારા શ્રેષ્ઠ ઈન્સ્યોરન્સ પ્લાન અને સર્વિસ આપવા માટે તૈયાર છે.

**MP** ઈન્સ્યોરન્સ બ્રોકિંગ ઈન્ડિયા, જે **MP** ગ્રુપનો એક ભાગ છે, **bimavale.com** ડિજિટલ ઈન્સ્યોરન્સ માર્કેટપ્લેસ લોન્ચ કર્યું છે. નવીન પ્લેટફોર્મ ગ્રાહકોને લાઈફ અને જનરલ ઈન્સ્યોરન્સ પૉલિસીઓની સરખામણી કરવા, પસંદ કરવા અને ખરીદવાનો સીમલેસ અનુભવ પ્રદાન કરે છે. પ્લેટફોર્મે અગ્રણી વીમા પ્રદાતાઓ સાથે જોડાણ કર્યું છે અને સુવિધા અને પારદર્શિતા સાથે વિશાળ શ્રેણીની ઈન્સ્યોરન્સ પોલિસીઓ ઓફર કરે છે.

આ સાથે જ, એમપી ગ્રુપ એક વર્ષમાં ગુજરાતના મુખ્ય શહેરોમાં તેની શાખાઓ સ્થાપી મોટા પાયે વિસ્તરણ કરશે. ગ્રુપ આગામી ત્રણ વર્ષમાં દેશભરના મુખ્ય શહેરોમાં ૨૫-૩૦ શાખાઓ સ્થાપવાની પણ યોજના ધરાવે છે. આ શાખાઓ ગ્રાહકો માટે ટચપોઈન્ટ તરીકે સેવા આપશે અને તેના ડિજિટલને પૂરક બનાવશે.

એમપી ગ્રુપના સ્થાપક અને સીઈઓ મિહિર પરીખે જણાવ્યું હતું કે, ''અમે દરેક ભારતીય માટે વીમાને સરળતાથી સુલભ બનાવવા માંગીએ છીએ. **Bimavale.com** સાથે, અમે એક પ્લેટફોર્મ લોન્ચ કરી રહ્યા છીએ જે ઈન્સ્યોરન્સ પ્રોડકટ અને શ્રેષ્ઠ સેવાઓની વિશાળ શ્રેણી ઓફર કરીને ગ્રાહકોને ઉમદા અનુભવ પ્રદાન કરશે. ગ્રાહકો તેમના ઘરમાં જ આરામથી તેમની જરૂરિયાત પ્રમાણે પ્લાનની તુલના અને ખરીદી કરી શકે છે. અમારી પાસે દરેક તબક્કે ગ્રાહકોને મદદ કરવા માટે સમર્પિત ટીમ ઉપલબ્ધ છે. વધુમાં, સમગ્ર દેશમાં શાખાઓના અમારા નેટવર્ક સાથે, અમે એક સંકલિત ઈકોસિસ્ટમનું નિર્માણ કરી રહ્યા છીએ જે વર્ચ્યુઅલ અને શાખા બંને જગ્યાએ શ્રેષ્ઠ હાજરી પૂરી પાડે છે.''

એમપી ગ્રુપ આવતા એક વર્ષ સુધીમાં તેની પ્રીમિયમ આવક રૂ ૧૦૦ કરોડ સ્પર્શે તેવી અપેક્ષા રાખે છે. કંપની તેના પોઈન્ટ ઓફ સેલ **(PoS)** એજન્ટ નેટવર્કને વિસ્તારવા અને **B2C** સેગમેન્ટમાં આક્રમક રીતે ટેપ કરવાનું પણ વિચારી રહી છે.

એમપી ઈન્સ્યોરન્સ બ્રોકિંગ ઈન્ડિયા એ તમામ વીમા જરૂરિયાતો માટે વન-સ્ટોપ સોલ્યુશન છે. તે લાઈફ ઈન્સ્યોરન્સ અને જનરલ ઈન્સ્યોરન્સ પ્રોડક્ટ અને સર્વિસ પૂરી પાડવા માટે ઉચ્ચ લાયકાત ધરાવતા અને પ્રશિક્ષિત વ્યાવસાયિકોને રોજગારી આપે છે. તે પારદર્શિતા અને જવાબદારીના ઉચ્ચતમ ધોરણો માટે પ્રતિબદ્ધ છે અને ચુસ્ત નૈતિક ધોરણોનું પાલન કરે છે.

# દ્વારકામાં યોજાયેલ ૧૧૦માં નિઃશુલ્ક નેત્રયજ્ઞમાં ૧૯૮ દર્દીઓએ લાભ લીધો



(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા, તા.૨૯

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારકા ના ઉપક્રમે અને પૂજ્યશ્રી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ - રાજકોટ , આનંદભાઈ ગોકાણી, મેનેજીંગ ટ્રસ્ટી માતુશ્રી મોંઘીબેન હ.વિ.ગો. મે. ચે.ટ્રસ્ટ , દ્વારકાના સહયોગથી દ્વારકા લોહાણા મહાજન વાડી ખાતે યોજાયોલ ૧૧૦ માં નિઃશુલ્ક નેત્રયજ્ઞમાં કુલ ૧૯૮ દર્દીઓએ લાભ લીધેલ. જે પૈકી ૮૫ દર્દીઓને મોતીયાના ઓપરેશનની આવશ્યકતા હોય તેથી તેવા દર્દીઓને કેમ્પના દિવસે જ રાજકોટ લઈ જઈ નિઃશુલ્ક મોતિયાનું ઓપરેશન કરાવી , નિઃશુલ્ક નેત્રમણી બેસાડી પરત દ્વારકા લાવવામાં આવેલ. દર્દીઓને લાવવા - લઈ જવા, રહેવા, જમવાની સુવિધા પણ વિનામૂલ્યે રાખેલ. આ કેમ્પને સફળ બનાવવા સેક્રેટરી અશ્વિનભાઈ સી. ગોકાણી, કે.જી . હિન્ડોચા, સુરેશભાઈ દતાણી , પ્રતાપભાઈ દામાણી, અમિતભાઈ થોભાણી વગેરે કાર્યકરોએ જહેમત ઉઠાવેલ હતી.

# આહીર સેના ગુજરાત પ્રદેશ પ્રવકતા પદે આહીર ગોવિંદભાઈ ચોચા (એડવોકેટ) ની વરણી



(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ, તા.૨૯

ગુજરાત આહીર સમાજ અગ્રણી અઢારેય વરણના માનનીય વ્યક્તિત્વ સત્ય અને ખમીરત્વ જેના જીવનમાં જોવા મળે છે. છતાં સરળ અને પ્રેમાળ વ્યક્તિ અને નાના સ્તરથી લઈને પ્રદેશ તેમજ રાષ્ટ્રીય લેવલ સુધીની વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલ અને જેના અધ્યક્ષ ભગવાન શ્રીકૃષ્ણ દ્વારકાધીશ છે. આહીર સેના ગુજરાત પ્રદેશ કોર કમીટીના આપણા સૌના લાડકવાયા જે સમાજ ઉત્થાન 'રાષ્ટ્રભાવના , વસુદેવ કુટુંબકમના ભાવથી રહેનાર ગોવિંદભાઈ ચોચાની પ્રદેશ પ્રવકતા તરીકે વરણી થતા તેમના મો.નં. ૯૮૨૪૩ ૯૩૪૦૫ ઉપર શુભેચ્છાઓ વરસી રહી છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# દેશની રાજનીતિ પર પરિવારવાદ હાવી

ભારતીય રાજકારણમાં પરિવારવાદને નકારી ન શકાય. એવું પણ નથી કે દેશના કોઈ એક ખાસ હિસ્સામાં પરિવારવાદની બોલબાલા હોય. ઉત્તરથી લઈને દિક્ષણ સુધી ભારતના રાજકારણમાં પરિવારવાદ હાવી છે. કાલે તમિલનાડુમાં મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિનનો પુત્ર ઉદયનિધિ સ્ટાલિન જ્યારે ડેપ્યુટી સીએમ પદના શપથ લઈ રહ્યો હતો તો ફરી એક વખત પરિવારવાદની ચર્ચા વેગવાન બની ગઈ. ઉદયનિધિ સ્ટાલિન પહેલેથી જ મંત્રી હતા અને એવું પણ નથી કે ડીએમકે પર પરિવારવાદના આરોપ પહેલી વાર લાગ્યા હોય.

હવે એક જ રાજ્યમાં પિતા સીએમ અને પુત્ર ડેપ્યુટી સીએમ. જોકે આ કોઈ એક પક્ષની વાત નથી પરંતુ પ્રાદેશિક પક્ષો તરફ નજર નાખીએ તો એવું લાગશે કે અહીં પરિવારવાદ ઘણો હાવી છે. બંગાળ, બિહાર, ઝારખંડ, યુપી, હરિયાણા, તમિલનાડુ, આંધ્ર, મહારાષ્ટ્ર સહિત એવા કેટલાય બીજા રાજ્યો છે જ્યાં પરિવારવાદી પાર્ટીઓની બોલબાલા છે. અહીં એક એવી રાજનીતિ પ્રથા દેખાશે જ્યાં રાજકીય સત્તા એક પરિવારથી બીજા પરિવારમાં પેઢી દર પેઢી હસ્તાંતરિત થતી રહે છે.

તમિલનાડુમાં ડીએમકે, કર્ણાટકમાં જેડીએસ, તેલંગણામાં બીઆરએસ, આંધ્રમાં ટીડીપી, યુપીમાં સપા અને લોકદળ, બિહારમાં આરજેડી, ઝારખંડમાં જેએમએમ, પશ્ચિમ બંગાળમાં ટીએમસી, મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરે અને શરદ પવારની પાર્ટી, જમ્મુમાં પીડીપી અને નેશનલ કોન્ફરન્સ, હરિયાણામાં ચૌટાલા પરિવાર, પંજાબમાં શિરોમણિ અકાલી દળ, ઓડિશામાં બીજેડી, કોંગ્રેસમાં પરિવારવાદની સાથે જ મોદી કેબિનેટમાં પણ કેટલાક ચહેરા દેખાશે.

ઉદયનિધિ એમ.કે. સ્ટાલિનના પુત્ર છે અને પરિવારના ત્રીજી પેઢીના નેતા છે. દિક્ષણના મોટા નેતા રહેલા કરુણાનિધિએ સ્ટાલિનને પોતાના વારસ બનાવ્યા હતા. હવે સ્ટાલિનના પુત્ર ઉદયનિધિ એ પરંપરાને આગળ વધારતાં દેખાઈરહ્યા છે. ભાજપ તેને સંપૂર્ણ રીતે વંશવાદ ગણાવી રહી છે. ભાજપ દ્વારા કહેવામાં આવ્યું કે આ લોકતંત્ર છે કે વંશવાદ? ભાજપ દ્વારા કટાક્ષ કરતાં કહેવામાં આવ્યું કે આ પાર્ટીઓ પરિવાર માટે અને પરિવાર દ્વારા છે. આ એક પ્રાઈવેટ લિમિટેડ કંપની છે.

ડો.રામમનોહર લોહિયાએ કહ્યું હતું કે જેનામાં નેતૃત્વની ક્ષમતા હોય તે આગળ આવે અને રાજકારણમાં વંશવાદની કોઈ જગ્યા નથી. દેશની આઝાદીનાં આટલાં વર્ષ બાદ પણ પરિવારવાદનાં મૂળિયાં વધુ મજબૂત અને ઊંડાં ઉતરતાં જાયછે. કોઈ એક પક્ષની વાત નથી, કોંગ્રેસ પર સવાલ કરનારી ભાજપ પણ વત્તાઓછા અંશે તેનો ભોગ બની જ છે. અલગ-અલગ જાતિઓ અને પછાત લોકોના નામ પર રાજકારણ કરનારી પાર્ટીઓ પણ વારસો પરિવારમાં જ સોંપે છે.

પરિવારવાદ પર પીએમ મોદી ઘણા આક્રમક દેખાય છે. તેમના દ્વારા કોંગ્રેસ પર તેને લઈને ખાસ નિશાનો સાધવામાં આવે છે. જોકે વિપક્ષી દળ પણ કેટલાય નેતાઓનાં નામ ભાજપમાં ગણાવે છે. પરંતુ રાજકારણના કેટલાય જાણકારોનું કહેવું છે કે ભાજપમાં કદાચ એવું સંભવ નથી, જેવું બીજા પક્ષોમાં થઈ જાય છે. રાહુલ ગાંધી, અખિલેશ યાદવ, તેજસ્વી યાદવ વગેરેમાંથી કોઈ હારી જાય તો તેમને પાર્ટી કે પદ પરથી હટાવી નથી દેવાતા, જ્યારે ભાજપમાં કદાચ એવું સંભવ નથી.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સંસારમાં સર્વશ્રેષ્ઠ જ્ઞાનદાન છે...

- ઋગ્વેદ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.તીર-૧૩૯૪, મુ. જમાદુલ અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, કારતક વદ-૧૩ શિવરાત્રી, શ્રી જ્ઞાનેશ્વર મહારાજ પૂણ્યતિથિ તા.૨૯ નવેમ્બર ૨૦૨૪, શુક્રવાર, પારસી તા.૧૭, મુસ્લિમ તા.૨૬, સ્વાતિ નક્ષત્ર, શોભન યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૧૬, સૂ.અ.૬:૦૩

આજનો દિવસ સવારે ૧૦:૧૭ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત), સવારે ૬:૦૨ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: લાભની તક અટકે, મિલન-મુલાકાતમાં સફળતા રહે.
વૃષભ:મહત્વના કાર્યમાં પ્રગત્તિ થાય. મનની ઈચ્છા ફળે.
મિથુન:ચિંતાનો ઉકેલ મળે. કાર્યમાં સફળતા મળે.
કર્ક: ગૃહજીવનમાં ચકમક ઝરે. નવા લાભની આશા ફળે.
સિંહ: વ્યર્થ ભાગદોડ કરવી પડે. સત્યપ્રવાહમાં ચાલતા હોઈએ તેવું અનુભવાય.
કન્યા: નવિન તક સાંપડે. જીવનસાથીના સહકારથી કાર્ય સફળતા મળે.
તુલા: જમીનને લગતા કાર્યોમાં સફળતા મળે. રોકાયેલા નાણાં છૂટા થાય.
વૃશ્ચિક:મહત્વના પ્રશ્નોનો ઉકેલ આવે. માંગલિક કાર્યોમાં ધન વ્યય થાય.
ધન: આવકવૃધ્ધિના નવા માર્ગો ખૂલે. વિરોધીઓથી સાવધ રહેવું.
મકર: કૌટુંબિક સમસ્યાનો ઉકેલ મળે. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.
કુંભ: નવિન લાભની તક સાંપડે. મનની મુંઝવણ દૂર થાય.
મીન: ધીરજના ફળ મીઠા મળે. નાણાંભીડમાંથી માર્ગ મળે.

# વલસાડમાં સિરિયલ કિલરે યુવતીની હત્યા કરી દોઢ કલાક લાશ સાથે દુષ્કર્મ આચર્યું



વલસાડ, તા.૨૯

ડીવાયએસપી સહિત પોલીસ કાફલા જોડે આરોપી રાહુલને ઘટના સ્થળે લઈ જઈ પોલીસે રી-કન્સ્ટ્રકશન હાથ ધર્યું હતું વલસાડમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં સિરિયલ કિલરે પહેલા યુવતીની હત્યા કરી નાંખી હતી. બાદમાં તેણે લાશ સાથે દુષ્કર્મ આચર્યું હતું. વલસાડના પારડી તાલુકાના મોતીવાળા વિસ્તારમાં રહેતી બી-કોમના બીજા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીનું ૧૪ નવેમ્બરના રોજ અપહરણ કરી નજીકમાં આવેલી આંબાવાડીમાં લઈ જઈ દુષ્કર્મ આચરી તેની હત્યા કરી નાખી હતી. આ ગુનામાં વલસાડ પોલીસે મહામહેનતે આરોપીને ૧૧મા દિવસે ઝડપી લીધો હતો, જે હાલ રિમાન્ડ પર છે. પોલીસને ગતરોજ આરોપીને સાથે રાખીને ઘટનાનું રી-કન્સ્ટ્રકશન કરતાં ૪ કલાક લાગ્યા હતા. જેમાં સિરિયલ કિલરે કોલેજિયન યુવતીને કેવી રીતે શિકાર બનાવીએ જણાવ્યું હતું. મોડી રાત સુધી ચાલેલા રી-કન્સ્ટ્રકશન આરોપી રાહુલ જાટે પોલીસને કહ્યું હતું કે યુવતીને પકડીને ગળું દબાવીને હત્યા કર્યા બાદ યુવતીને ઢસડીને વાડ નજીક લઈ જઈ ઉંચકી ચાર ફૂટ ઊંચાઈના તાર ખૂંટાની વાડ કુદાવી વાડીમાં ફેંકી દીધી હતી. જ્યાં યુવતીની લાશ સાથે દોઢ કલાક દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં ઉદવાડા સ્ટેશન તરફ ગયો હતો. જ્યાંથી તે દૂધ અને પાણીની બોટલ ખરીદી વાડીમાં યુવતીની લાશ પાસે પરત આવતો હતો ત્યારે અહીં લોકોની હલચલ હોવાથી તે વાડીમાં છુપાઈ ગયો હતો. બાદમાં મોકો મળતાં અંદાજે ૧૦ ફૂટ ઉંચી દીવાલ કુદી ભાગી છૂટ્યો હતો. જોકે, આ હળભળાહટમાં આરોપી તેનો સામાન છોડીને ગયો હતો. ડીવાયએસપી સહિત પોલીસ કાફલા જોડે આરોપી રાહુલને ઘટના સ્થળે લઈ જઈ પોલીસે રી-કન્સ્ટ્રકશન હાથ ધર્યું હતું. આ રી-કન્સ્ટ્રકશન ઉદવાડા રેલવે સ્ટેશનથી શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં ઉદવાડા રેલવે સ્ટેશન પાસે ખનકીની પાળી પર બેસીને બીડી પિતો હતો, આ દરમિયાન રેલવે કિમિ નં. ૨૧૭ના પોલ નં ૧૩ પાસેથી લગભગ ત્રણ વાગ્યાના સુમારે વિદ્યાર્થિનીને એકલી ચાલતા જોઈ હતી. જેના ઉપર આરોપીની નજર બગડી હતી. જેને લઈને રેલવે ટ્રેક પાસે ખુલ્લી જગ્યામાં બેસેલા આરોપીએ રસ્તામાં આવેલું પાણીનું ખાબોચિયું પથ્થરના સહારે ક્રોસ કર્યું હતું. ત્યાર બાદ આંબાવાડી પાસે યુવતી આવતા અચાનક યુવતી પાસે પહોંચી યુવતીનું ગળું દબાવી હત્યા કરી હતી. જે બાદ યુવતી લાશને ઢસડીને વાડ નજીક લઇ જઇ ઉંચકી ચાર ફૂટ ઊંચાઈના તાર ખૂંટાની વાડ કુદાવી વાડીમાં ફેંકી દીધી હતી. જ્યાં તેની સાથે દોઢ કલાક દુષ્કર્મ આચર્યુ હતું. યુવતીની લાશ સાથે દોઢ કલાક દુષ્કર્મ આચરવા દરમિયાન આરોપીએ પોતાના નખ પણ કાપ્યા હતા અને પોતાના કાપેલા નખ વડે યુવતીના મોબાઈલમાંથી સિમ કાર્ડ કાઢ્યું હતું. આ બાદ તે ઉદવાડા સ્ટેશન તરફ ગયો હતો. જ્યાંથી તે દૂધ પાણીની બોટલ ખરીદી વાડીમાં પડેલી યુવતીની લાશ પાસે પરત આવતો હતો આ દરમિયાન સ્થાનિક લોકોની આંબાવાડીની આજુબાજુમાં ગતિવિધિ જોઈને નજીકમાં સંતાઈ ગયો હતો. બાદમાં મોકો જોઈને એક એંગલના સહારે અંદાજિત ૧૦ ફૂટની ઊંચી દીવાલ આરોપી કૂદી ગયો હતો. જોકે, ઉતાવળમાં તેનો સામાન અહીં રહી ગયો હતો. આ બાદ આરોપી ઉદવાડા રેલવે સ્ટેશન અને હાઈવે વિસ્તારમાં રાત્રે દોઢ વાગ્યા સુધી ફરતો રહ્યો હતો. ઉદવાડા રેલવે સ્ટેશન ખાતેથી રાત્રે કોઈ ટ્રેન ન હોવાથી પારડી રેલવે સ્ટેશન આવ્યો હતો. રાત્રે ૨:૩૦ વાગ્યાની ટ્રેન પકડીમાં વલસાડ આવ્યો હતો. ત્યાથી અન્ય ટ્રેન વડે સુરત અને વડોદરા જતો રહ્યો હોવાની કબૂલાત રી-કન્સ્ટ્રકશન દરમિયાન આરોપીએ જણાવી હતી. સમગ્ર ઘટના ક્રમનું રી-કન્સ્ટ્રકશન કરતા વલસાડ પોલીસની ટીમને ૪ કલાકથી વધુ સમય લાગ્યો હતો. વાપીના DySP બી એન દવેના નેતૃત્વમાં સક્ષમ અધિકારીઓ અને સરકારી પંચની હાજરીમાં આરોપીઓ સમગ્ર ક્રમ વર્ણવ્યો હતો. વલસાડ પોલીસે તમામ ઘટના ક્રમની ઝીણવટ ભરી નોંધ લઈને આગળની તપાસ હાથ ધરી છે.વલસાડ પોલીસની ટીમે યુવતીના મોબાઈલનું કવર ઘટનાસ્થળ નજીકથી રી-કન્સ્ટ્રકશન દરમ્યાન રિકવર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત રી-કન્સ્ટ્રકશન દરમિયાન આરોપીએ વર્ણવેલી દુકાનમાં આરોપીને લઈ ગયા હતા. જ્યાં દુકાનદાર પાસે આરોપી ઘટનાના દિવસે ખરીદેલી વસ્તુઓ અંગે ક્રોસ ચેકીંગ કર્યું હતું. દુકાનમાં લાગેલા CCTV ચેક કરતા આરોપી દુકાનમાંથી ખરીદી કરતા અને દુકાન બાજુમાંથી પસાર થતા જોવા મળ્યો હતો. સમગ્ર કેસમાં સંપૂર્ણ તપાસ ઝડપથી આગળ વધારવા વલસાડ ઢઅજીઁ એ કે વર્મા, વાપી ઢઅજીઁ બી એન દવે અને પારડી પોલીસ મથકના PI જી આર ગઢવી, LCB PI ઉત્સવ બારોટ, SOG PI એ યુ રોઝ, વાપી ટાઉન PI કે જે રાઠોડ અને વલસાડ સીટી PI ડી ડી પરમારને SITની ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે. વલસાડ SP કરનરાજ વાઘેલાએ મંગળવારે રાત્રે SITની ટીમની જાહેરાત કરી છે. જે ટીમ સમગ્ર કેસની તપાસ કરશે.પારડી મોતીવાડાની કોલેજીયન યુવતી સાથે અગિયાર દિવસ પહેલા બનેલા રેપ વિથ મર્ડરના કેસમાં પોલીસ ટીમને રવિવારના રોજ વાપી સ્ટેશનેથી આરોપીને ઝડપાવામાં સફળતા મળી હતી. પ્રાથમિક પૂછપરછમાં આરોપી રાહુલ જાટે ટ્રેનોમાં ચોરી લૂંટફાટ સાથે બળાત્કાર અને હત્યાના પણ કેટલાક ગુનાઓ દેશના અલગ અલગ રાજ્યોમાં કબૂલી લેતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. વિકૃત માનસિક ધરાવતા રાહુલે ૨૫ દિવસમાં જ પાંચ હત્યાના ગુનાની કબૂલાત કરી હતી. રવિવારની રાતે વાપી પોલીસના હાથે ઝડપાયા પહેલા પણ સવારે તેણે ટ્રેનમાં મહિલા સાથે દુષ્કર્મ કરી તેની ઠંડા કલેજે હત્યા કરી હોવાની કબૂલાત કરતાં વિકૃત માનસિક રાહુલની પૂછપરછમાં વધુ કેટલાક વણ ઉકેલ્યા ગુનાઓ ઉકેલવાની શક્યતા વર્તાઈ રહી છે. તેમજ આ કેસમાં પણ તેની વધુ પૂછપરછ હાથ ધરી તેમજ પુરાવાઓ એકઠા કરવાના આશયથી વલસાડ પોલીસે તેણે કોર્ટમાં રજૂ કરી ૫ ડિસેમ્બર સુધીના રિમાન્ડ મેળવ્યા છે.વલસાડ જિલ્લાના ૩ DySPના નેતૃત્વમાં વલસાડ LCB, SOG અને જિલ્લાના તમામ પોલીસ મથકના પોલીસ અધિકારીઓ અને પોલીસ જવાનોની મદદ મેળવીને કેસની તપાસ હાથ ધરાઈ હતી. વાપી રેલવે સ્ટેશન ખાતે મળેલા ઝઝ્રફ ફુટેજના આધારે શકમંદ ઈસમ પાસેનાં કપડાં ઘટનાસ્થળેથી મળી આવ્યાં હતાં. ટીશર્ટ, ટ્રેક, બેગ અને ગમછો અને યુવકની સામાન્ય દિવ્યાંગતા આરોપીને જેલના સળિયા ગણાવવા માટે મહત્ત્વના સાબિત થઈ હતી. ઘટના સમયના ૨ કલાક પહેલાં વાપી રેલવે સ્ટેશનના CCTV ફુટેજમાં યુવક હોવાનું દેખાઈ રહ્યું હતું. CCTV ફુટેજના આધારે આરોપીની ઓળખ કરવામાં આવી હતી. યુવતીની લાશ પાસેથી મળેલી બેગમાં ટીશર્ટ, ગમછો, ટ્રેક અને બેગના આધારે વલસાડ પોલીસની ટીમે આરોપીની ઓળખ કરી હતી. વલસાડ પોલીસની ટીમે અંદાજે ૨૦૦૦થી વધુ CCTV ફૂટેજ અને શકમંદોની પૂછપરછ હાથ ધરી આરોપીને ટેક્નિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદ લઈને ઝડપી પાડ્યો હતો.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે ફિજીના નાયબ વડાપ્રધાન શ્રી મનોઆ કામિકામિકા

# ડેરી ઉદ્યોગ - A.I - I.C.T. અને સાઈબર સિક્યુરિટીના ક્ષેત્રોમાં ગુજરાતની તજજ્ઞતાનો સહયોગ લેવાની તત્પરતા વ્યક્ત કરી





(જી.એન.એસ) તા.૨૯

દેશના ગ્રોથ એન્જિન ગુજરાતના રિન્યુએબલ એનર્જી - ગ્રીન હાઈડ્રોજન - એગ્રીકલ્ચર સહિત બહુવિધ ક્ષેત્રોના પ્રોજેક્ટ - ગિફ્ટ સિટીની મુલાકાત લઈને વિકાસની સ્પીડ અને સ્કેલનો પ્રત્યક્ષ અનુભવ કરવા ફિજીનું પ્રતિનિધિ મંડળ ગુજરાતની મુલાકાતે આવે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનું ફિજીના નાયબ વડાપ્રધાનશ્રીને આમંત્રણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ફિજીના નાયબ વડાપ્રધાન શ્રી મનોઆ કામિકામિકાએ ગાંધીનગરમાં લીધી હતી. મુખ્યમંત્રીશ્રી સાથેની આ સૌજન્ય મુલાકાત બેઠકની વાતચીતમાં ફિજીના નાયબ વડાપ્રધાનશ્રીએ ગુજરાતે ડેરી ઉદ્યોગ સહિત કૃષિ ક્ષેત્રે જે વૈશ્વિક ખ્યાતિ મેળવી છે તેની તજજ્ઞતાનો લાભ ફિજીને પણ મળે તે માટે પરસ્પર સહયોગની તત્પરતા વ્યક્ત કરી હતી. તેમણે ડેરી ઉદ્યોગ ઉપરાંત A.I અને I.C.T. તથા સાઈબર સિક્યુરિટી સેક્ટરમાં પણ ગુજરાત ફિજીને સહયોગ કરી શકે તેવી સંભાવનાઓ અંગે પણ ચર્ચા પરામર્શ કર્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વિકાસના નવા કીર્તિમાન સ્થાપીને ગુજરાતને વિકાસનું રોડ મોડલ અને ગ્રોથ એન્જિન બનાવ્યું છે તે અંગે આ બેઠકમાં વિસ્તૃત ચર્ચાઓ મુખ્યમંત્રીશ્રી અને ફિજીના નાયબ વડાપ્રધાનશ્રીએ કરી હતી. વડાપ્રધાન તરીકેનો પદભાર સંભાળ્યા બાદ ૨૦૧૪માં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌ પ્રથમ ફિજીની મુલાકાત લીધી તેનું પણ સ્મરણ તેમણે કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતે રિન્યુએબલ એનર્જી તથા ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનમાં લીડ લીધી છે તેની ભૂમિકા આપતા કહ્યું કે, કચ્છમાં વિશ્વનો સૌથી મોટો હાઈબ્રીડ રીન્યુએબલ એનર્જી પાર્ક નિર્માણાધિન છે. એટલું જ નહીં, એગ્રીકલ્ચર સેક્ટરમાં પણ બાયોમાસ, બાયોગેસ અને બાયો ફ્યૂલ ને પ્રોત્સાહિત કરતી વેસ્ટ ટુ એનર્જી પોલિસી ગુજરાતમાં છે. ફિજીમાં શેરડીનું મોટાપાયે ઉત્પાદન થાય છે તે સંદર્ભમાં ઈથેનોલ પ્રોડક્શનમાં તે ગુજરાતનો સહયોગ કરી શકે તેમ છે તેમ પણ ફિજીના નાયબ વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતે પોલીસી ડ્રીવન સ્ટેટ તરીકે વિવિધ ઉદ્યોગો અને ઉભરતા સેક્ટર માટે જે પોલીસીઝ ઘડી છે તેના તેમજ બહુવિધ સેક્ટર્સમાં ગુજરાતની સિદ્ધિઓના અભ્યાસ-નિરીક્ષણ માટે ફિજીનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ ગુજરાત આવે તેવું આમંત્રણ પાઠવ્યું હતું. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ફિજીને જે સેક્ટર્સમાં સહભાગીતા તથા માર્ગદર્શનની જરૂર હોય તે સેક્ટરમાં ગુજરાત તેમાં પોતાનો સહયોગ આપશે. ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળની આ ગુજરાત મુલાકાતથી ભારત-ગુજરાત ફિજી વચ્ચે અસરકારક અને પરિણામદાયી સહભાગીતાનો સુદ્રઢ સંબંધ પ્રસ્થાપિત થશે તેવી અપેક્ષા મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી. તેમણે એમ પણ ઉમેર્યું કે, ગુજરાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન 'વિકસિત ભારત જ ૨૦૪૭'માં વિકસિત ગુજરાત થી અગ્રેસર રહેવાનો નિર્ધાર કર્યો છે. આ હેતુસર વિકસિત ગુજરાત જ ૨૦૪૭નો રોડ મેપ તૈયાર કરવામાં આવેલો છે અને અર્નિંગ વેલ- લિવીંગ વેલ સાથે ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને પણ પ્રાયોરિટી આપી છે. તેમણે ગિફટસિટી આંતરરાષ્ટ્રીય ફાઈનાન્સિયલ હબ તરીકે ઊભરી આવ્યું છે તેની પણ જાણકારી ફિજીના નાયબ વડાપ્રધાનશ્રીને આપી હતી. મુખ્યમંત્રીશ્રી સાથેની સૌજન્ય મુલાકાત બાદ ફિજીના નાયબ વડાપ્રધાનશ્રી ગિફટસિટી અને અમુલ- આણંદની મુલાકાતે પણ જવાના છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની આ સૌજન્ય મુલાકાતમાં મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, ઉદ્યોગ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી મમતા વર્મા તથા મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ પણ જોડાયા હતા.

# ત્રણ વર્ષ માટે પ્રશાંત વજીરાણીના ડૉક્ટર તરીકેના વિવિધ લાયસન્સ રદ

અમદાવાદ, તા.૨૯

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં દર્દીઓની જાણ બહાર એન્જીયોપ્લાસ્ટી કરવાથી બે દર્દીના મોત નીપજ્યાં હતા. જેમાં PMJAY યોજનામાં કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો ખુલાસો થયો હતો. સમગ્ર મામલે ખ્યાતિ હોસ્પિટલના ડૉ. પ્રશાંત વજીરાણી સહિત પાંચ વિરૂદ્ધ ગુનો નોંધાયો હતો. જ્યારે ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા ડૉ. પ્રશાંત વજીરાણીના ત્રણ વર્ષ માટે ડૉક્ટર તરીકેના વિવિધ લાયસન્સ રદ કર્યાં છે.

ગાંધીનગર સ્થિત તબીબી સેવાના અધિક નિયામકે ૧૪ નવેમ્બરે ગુજરાત મેડિકલ કાઉન્સિલને પત્ર લખીને ખ્યાતિ કાંડના આરોપી જવાબદાર તબીબી પ્રેક્ટિશનરો સામે યોગ્ય પગલા લેવા જણાવ્યું હતું. ત્યારબાદ કાઉન્સિલ દ્વારા લેવાયેલા સુઓમોટોને ધ્યાને લેવામાં આવ્યું અને ગુજરાત સરકાર દ્વારા રચવામાં આવેલી સમિતિના સભ્યોને સાંભળા બાદ યોગ્ય વિચારણ કરાઈ હતી. જેમાં અંતે ગુજરાત મેડિકલ કાઉન્સિલ સહિતની જનરલ બોડીએ ડૉ. પ્રશાંત વજીરાણી વિરુદ્ધમાં સચોટ પગલા લીધા હતા.

ગુજરાત મેડિકલ કાઉન્સિલ એક્ટ, ૧૯૬૭ની કલમ 22(1)(b)(i) હેઠળનું ડૉ. પ્રશાંત વજીરાણીનું MBBS, MD મેડિસીન, DNB મેડિસીન, DNB કાર્ડિયોલોજીનું લાયસન્સ ત્રણ વર્ષ માટે રદ કરવામાં આવ્યું છે. તેમજ જરૂરી ડોક્યુમેન્ટ પણ સમર્પિત કરવાનો નિર્દેશ કર્યો હતો.

કડીમાં બોરીસણા ગામે ફ્રી કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાંથી ૧૯ દર્દીને ખ્યાતિ હોસ્પિટલમાં સારવાર માટે બોલાવાયા હતા. જેમાં તમામ દર્દીઓની તેમને પૂછ્યા વિના જ એન્જીયોપ્લાસ્ટી કરીને સ્ટેન્ટ મૂકી દેવાયા હતા. સ્ટેન્ટ મૂક્યા બાદ ૭૦ વર્ષના સેનમ નાગરભાઈ મોતીભાઈ અને ૫૦ વર્ષના બારોટ મહેશભાઈ ગિરધરભાઈ નામના દર્દીના મોત નિપજ્યા હતા.

# ISRO મિશન પ્રોબા-૦૩નું ઐતિહાસિક લોન્ચિંગ કરશે

નવી દિલ્હી, તા.૨૯

ચોથી ડિસેમ્બર-૨૦૨૪ના રોજ ભારતીય સમય અનુસાર સાંજે ૪ વાગ્યાને ૮ મિનિટે યુરોપિયન સ્પેસ એજન્સી(ESA)ના ઉપગ્રહ પ્રોબા-૦૩ (Proba-03)ને લોન્ચ કરવામાં આવશે. આ લોન્ચિંગ ભારતીય અવકાશ સંશોધન સંસ્થા - ISRO (ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન) ના PSLV-XL રોકેટથી કરવામાં આવશે. આ મિશનના ઉદ્દેશ્ય છે સૂર્યના કોરોનાનો અભ્યાસ કરવો, અને એકસાથે અનેક ઉપગ્રહો લોન્ચ કરવાની નવી ટેકનોલોજીનું પ્રદર્શન કરવું.

સૂર્યની આસપાસ ખૂબ જ ઝાંખું પરંતુ ખૂબ મોટું સ્તર છે, જે નરી આંખે જોવાનું શક્ય નથી. પ્રોબા-૦૩ પૃથ્વીની આસપાસ ૬૦૦ X ૬૦,૫૦૦ કિલોમીટરની લંબગોળ ભ્રમણકક્ષામાં ફરશે અને સૂર્યની આસપાસના વાતાવરણનો અભ્યાસ કરીને એ સ્તરને સમજવામાં મદદ કરશે.


સૂર્યની સપાટી પાસે બે પ્રકારના કોરોના હોય છે: હાઈ કોરોના અને લો કોરોના... બંનેનો અભ્યાસ અનેક ઉપગ્રહો દ્વારા કરવામાં આવી રહ્યો છે. પરંતુ, એ બે કોરોના વચ્ચે જે ગેપ (જગ્યા) છે, એનો અભ્યાસ કરવો મુશ્કેલ છે. પ્રોબા-૦૩ એ કામ કરશે. આ ઉપગ્રહમાં સ્થાપિત ASPICS ઈન્સ્ટ્રૂમેન્ટને કારણે એ ગેપનો અભ્યાસ સરળ બનશે.

# ૪ ડિસેમ્બરના રોજ ધો. ૩, ૬ અને ૯ના વિદ્યાર્થીઓની સર્વેક્ષણ કસોટી યોજાશે

અમદાવાદ, તા.૨૯ રાજ્યની પસંદગી પામેલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓના ધોરણ-૩, ૬ અને ૯ના વિદ્યાર્થીઓ માટે ૪ ડિસેમ્બરના રોજ રાષ્ટ્રીય સર્વેક્ષણ પરીક્ષા લેવામાં આવશે. તમામ શાળાઓમાં સમાન સમયપત્રકના આધારે પરીક્ષા લેવા માટે આદેશ કરાયો છે. પસંદગી પામેલી શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકનકાર દ્વારા કસોટી લેવાનું આયોજન કરાશે, પરીક્ષા સવારના ૧૧ વાગ્યાથી ૧ વાગ્યા દરમ્યાન લેવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર, ૪ ડિસેમ્બરના રોજ સમગ્ર દેશમાં રાષ્ટ્રીય સર્વેક્ષણ૨૦૨૪ પસંદ થયેલી સરકારી, અનુદાનિત, સ્વનિર્ભર તેમજ સેન્ટ્રલ શાળાઓમાં યોજાનાર છે. આ અંતર્ગત ભારત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પસંદ થયેલી શાળાઓમાં બાહ્ય મૂલ્યાંકનકાર દ્વારા ધોરણ- ૩, ૬ અને ૯ પૈકી જે તે શાળામાં પસંદ થયેલા વર્ગોમાં કસોટી યોજવામાં આવશે. તેમજ પસંદ થયેલા ધોરણવાર વિષય શિક્ષકો, શાળાના મુખ્ય શિક્ષક અને વિદ્યાર્થીઓના પણ પ્રતિભાવ મેળવવામાં આવશે. કસોટીની ગુપ્તતાને ધ્યાનમાં રાખીને રાજ્યની તમામ સમાવિષ્ટ શાળાઓમાં સમાન સમય દરમ્યાન કસોટીનું આયોજન થાય તેવું આયોજન કરાયું છે. અગાઉ યોજાયેલા રાષ્ટ્રીય સર્વેક્ષણ વખતે પણ આ રીતે આયોજન કરવામાં આવ્યું હતું. આગામી રાષ્ટ્રીય સર્વેક્ષણ અંતર્ગત ૪ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ પસંદ થયેલી શાળાઓમાં વિદ્યાર્થીઓની કસોટી ૧૧ વાગ્યાથી ૧ વાગ્યા દરમ્યાન યોજવાની રહેશે. આ ઉપરાંત પસંદગી થયેલી તમામ શાળાઓમાં કસોટીના દિવસે તમામ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહે તે માટે પૂરતા પ્રયાસો હાથ ધરવાના રહેશે. આ ઉપરાંત, રાષ્ટ્રીય સર્વેક્ષણ-૨૦૨૪ના પ્રશ્નોના મહાવરા માટે રાજ્યની તમામ શાળાઓમાં ૨૨ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ એક મોક ટેસ્ટ લેવામાં આવી હતી. ત્યારબાદ ૨૨ નવેમ્બર અને હવે ૩૦ નવેમ્બરના રોજ મોક ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે. પસંદ થયેલી શાળાઓ પૈકી મોટાભાગની શાળાઓ નિયમિત રીતે ૧૦:૩૦થી શરૂ થાય છે, પરંતુ કેટલીક શાળાઓ પાળી પદ્ધતિમાં ચાલે છે. જેથી પસંદ થયેલી તમામ શાળાઓના સંબંધિત ધોરણો ૧૦:૩૦થી શરૂ થાય એ મુજબ દૈનિક આયોજન કરવા શાળાઓને સૂચના આપવામાં આવી છે.

# રાજ્યમાં પોક્સોના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષમાં ૬૦૯ આરોપીઓને થઈ સજા

ગાંધીનગર, તા.૨૯ POCSOના ગુનામાં ખૂબ સંવેદના સાથે દિવસ-રાત એક કરીને આરોપીઓને પકડી સમગ્ર કેસમાં ઝીણવટભરી તપાસ કરીને વૈજ્ઞાનિક સહિતના મહત્ત્વપૂર્ણ પુરાવાઓ એકત્ર કરી આરોપીઓને ફાંસી સુધીની મહત્તમ સજા કરાવનાર પોલીસ અધિકારીકર્મચારીઓને રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે તેમની કામગીરીની સરાહના કરી અભિનંદન પાઠવ્યા છે. આ પ્રસંશનિય કામગીરી બદલ ગુજરાત પોલીસ દ્વારા મહિલા પોલીસ સહિત ૧૩૪૫ પોલીસ અધિકારી-કર્મચારીઓને રૂા.૧૨,૬૪,૬૩૦નું રોકડ ઈનામ આપીને સન્માનિત કરવામાં આવ્યા છે. ગુજરાત પોલીસ બાળકો અને સગીર દિકરીઓની સુરક્ષાને વિશેષ પ્રાથમિકતા આપે છે. રાજ્યમાં બાળકો અને સગીર દિકરીઓ સામે થતાં અત્યાચાર તેમજ દુષ્કર્મના ગુનાઓ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવામાં આવી છે ત્યારે આવા ગુનાઓ આચરનારા લોકો સામે કડકમાં કડક કાર્યવાહી કરી તેમને મહત્તમ સજા કરાવી ભોગ બનનારના પરિવરજનોને ઝડપી ન્યાય મળે તે પ્રકારે ગુજરાત પોલીસ કાર્ય કરી રહી છે. છેલ્લા ત્રણ વર્ષમાં પોક્સોના ગુનાઓમાં ૬૦૯ આરોપીઓને સજા થવા




પામી છે. રાજ્યની પોલીસે આવા ગુનાઓમાં સંવેદનશીલતા દાખવીને ઝડપથી તપાસ કરીને આરોપીઓને ઝડપી પાડ્યા છે. વૈજ્ઞાનિક પુરાવાઓ એકત્ર કરીને અદાલતમાં મજબૂત કેસ રજૂ કરીને દોષિતોને કડક સજા થાય તેની ખાતરી કરવામાં આવી છે. આ સફળતા માટે ગુજરાત પોલીસ દ્વારા ૪૧૩ કેસમાં ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર મહિલા પોલીસ સહિત ૧૩૪૫ પોલીસ અધિકારીકર્મચારીઓને રૂા.૧૨,૬૪,૬૩૦નું ઈનામ આપીને સન્માનિત કરવામાં આવ્યા છે. આ ઈનામોથી પોલીસ કર્મચારીઓને પ્રોત્સાહન મળશે અને તેઓ ભવિષ્યમાં પણ વધુ સમર્પણભાવે કામ કરશે.

# કેન્યા બાદ હવે બાંગ્લાદેશ પણ અદાણી જૂથ સાથેના તથા અન્ય ઊર્જા કરારની ફેર વિચારણા કરવા તૈયાર

ઢાકા, તા.૨૯ અદાણી ગ્રુપ ઉપર અમેરિકામાં લાંચના આક્ષેપો લાગ્યા પછી આ ગ્રુપને એક પછી એક ફટકો પડી રહ્યો છે. કેન્યાની સરકારે અદાણી જૂથ સાથેનો કોન્ટ્રાક્ટ રદ કરી દીધા બાદ હવે બાંગ્લાદેશની વચગાળાની સરકારે પણ અદાણી જૂથ સાથે થયેલા તમામ ઊર્જા કોન્ટ્રાક્ટ સહિતના તમામ કોન્ટ્રાક્ટરની ફેર વિચારણા કરવાની તૈયારી કરી લીધી હોવાનું જાણવા મળ્યું છે. શેખ હસીનાના કાળમાં અદાણી સાથે થયેલા અને અન્ય તમામ ઊર્જા સોદાઓનું મૂલ્યાંકન કરવામાં આવશે અને સમીક્ષા કરવામાં આવશે. વચગાળાની સરકારના મુખ્ય રાષ્ટ્રીય સલાહકાર મોહમ્મદ યુનુસે એક નિવેદનમાં જણાવ્યું છે કે વીજ તથા ઊર્જા અને ખાણ ખનીજ સંપત્તિ મંત્રાલયની રાષ્ટ્રીય રીવ્યુ કમિટીએ હસીના શાસનમાં એક તરફી રીતે કરવામાં આવેલા અદાણી સહિતના કંપનીઓ સાથેના તમામ ઊર્જા કોન્ટ્રાક્ટરની સમીક્ષામાં મદદરૂપ બનવા માટે પ્રતિષ્ઠિત કાયદા અને સંશોધન તથા તપાસ કંપનીને કામ સોંપવાની ભલામણ કરી છે. રીવ્યુ કમિટી દ્વારા અદાણી પાવર ઝારખંડ લિમિટેડના ગોડા પાવર પ્લાન્ટની ખાસ સમીક્ષા કરવામાં આવનાર છે. આ કોન્ટ્રાક્ટ ઉપર ૨૦૧૭માં હસીના સરકાર સાથે સમજૂતી થઈ હતી જેના અંતર્ગત ઝારખંડમાં રચાનારા ગોડા પાવર પ્લાન્ટમાંથી બાંગ્લાદેશને ૧૪૯૬ મેગાવોટ ઊર્જા પુરવઠો પૂરો પાડવાનો અને ૨૫ વર્ષ સુધીનો કરાર થયો હતો. આ ઊર્જા પ્લાન્ટ જુલાઈ ૨૦૨૩માં શરૂ થઈ ગયો હતો. આ પ્લાન્ટ ઉપરાંત ચીનની કંપની અને અન્ય કંપનીઓએ જે શેખ હસીનાની નજીક ગણાતી હતી એ તમામના ઊર્જા કોન્ટ્રાક્ટરની પણ ઢાકા દ્વારા સમીક્ષા કરવામાં આવશે. આ મહિનાના પ્રારંભે અદાણી પાવર કંપની દ્વારા બાંગ્લાદેશને અપાતા વીજ પુરવઠામાં મોટો કાપ મૂકી દેવામાં આવ્યો હતો. લગભગ ૬૦ ટકા કાપ મૂકી દેવામાં આવ્યો હતો કેમકે કંપનીને પૂરી ચુકવણી કરવામાં આવી નથી અને એવું જાણવા મળ્યું છે કે બાંગ્લાદેશની સરકારે અદાણી કંપનીને ઊર્જા પુરવઠા પેટે હજુ ૮૦ કરોડ ડોલર આપવાના રહે છે. અદાણી જૂથ દ્વારા અપાતો પુરવઠો બાંગ્લાદેશની કુલ ઊર્જા જરૂરિયાતનો ૧૦% જેટલી જરૂરિયાત પૂરી પાડે છે.

# દિલ્હીમાં પેન્શનરોની સંખ્યામાં ૮૦,૦૦૦નો વધારો થયો, હવે તેમની સંખ્યા ૫.૩ લાખ થઈ : કેજરીવાલ



નવી દિલ્હી તા.૨૯ દિલ્હીમાં હવે ટૂંક સમયમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. હવે ચૂંટણી પહેલા જ આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલે મોટો દાવ રમ્યો છે. કેજરીવાલે દિલ્હીના વૃદ્ધો માટે મોટી જાહેરાત કરી છે. કેજરીવાલે કહ્યું છે કે, દિલ્હીમાં ૮૦ હજાર વૃદ્ધોને પેન્શનની ભેટ મળશે. કેજરીવાલે કહ્યું છે કે, હવે દિલ્હીમાં અટકેલા તમામ કામો ફરી શરૂ કરવામાં આવશે. અરવિંદ કેજરીવાલે પ્રેસ કોન્ફરન્સ કરી વૃદ્ધો માટે મોટી જાહેરાત કરી. કેજરીવાલે કહ્યું કે, તેઓ દિલ્હી સરકાર વતી દિલ્હીના વડીલો માટે સારા સમાચાર લાવ્યા છે. સરકાર ૮૦ હજાર નવા વૃદ્ધોને પેન્શન આપવા જઈ રહી છે. કેજરીવાલે કહ્યું છે કે, હવે દિલ્હીમાં પાંચ લાખ ૩૦ હજાર વૃદ્ધોને પેન્શન મળશે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે, હાલમાં ૬૦થી ૬૯ વર્ષની વયના વૃદ્ધોને દર મહિને ૨૦૦૦ રૂપિયા આપવામાં આવે છે. આ સિવાય ૭૦ વર્ષથી ઉપરના વૃદ્ધોને દર મહિને ૨૫૦૦ રૂપિયા આપવામાં આવે છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે, આ નિર્ણય કેબિનેટ દ્વારા પણ પસાર કરવામાં આવ્યો છે. આનો અમલ પણ કરવામાં આવ્યો છે. કેજરીવાલે કહ્યું છે કે, પેન્શન માટે ૧૦ હજાર નવી અરજીઓ પણ આવી છે. કેજરીવાલે પ્રેસ કોન્ફરન્સમાં ભાજપ ઉપર પણ નિશાન સાધ્યું હતું. કેજરીવાલે કહ્યું, જ્યાં ડબલ એન્જિનવાળી સરકાર છે ત્યાં વૃદ્ધોને ઓછું પેન્શન મળે છે અને જ્યાં સિંગલ એન્જિનની સરકાર છે ત્યાં તેમને ૨૫૦૦ રૂપિયા પેન્શન મળે છે. તેથી ડબલ એન્જિનવાળી સરકાર નહીં પણ સિંગલ એન્જિનવાળી સરકાર પસંદ કરો. કેજરીવાલે આરોપ લગાવ્યો કે, જ્યારે તેઓ જેલમાં ગયા ત્યારે વૃદ્ધોનું પેન્શન બંધ કરી દેવામાં આવ્યું અને આ પાપ છે. કેજરીવાલે કહ્યું કે, જેલમાંથી બહાર આવ્યા બાદ તેમને ફરીથી પેન્શન મળવા લાગ્યું છે.

# ઉત્તર ભારતમાં થઈ રહેલી હિમવર્ષાની અસર ગુજરાતમાં

અમદાવાદ, તા.૨૯ રાજ્યમાં છેલ્લા ૧૦ દિવસથી ઠંડીનો ચમકારો અચાનકથી વધ્યો છે. ઉત્તર ભારતના પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થઈ રહી છે. જેના કારણે ગુજરાતમાં પણ ઠંડીનો ચમકારો વધ્યો છે. હવામાન વિભાગ દ્વારા ઠંડીને લઈને આગાહી કરવામાં આવી છે. ગુજરાતમાં શિયાળો જામવા લાગ્યો છે. દિવસેને દિવસે રાજ્યના તાપમાનમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. ઉત્તર ભારતમાં પણ હિમવર્ષા થવાની શરૂ થં ગઈ છે. જેની અસર ગુજરાત ઉપર પણ દેખાવવા લાગી છે. ગુજરાતમાં ઉત્તર પૂર્વથી લઈને પૂર્વના પવનો ફૂંકાઈ રહ્યા છે. ત્યારે હવામાન વિભાગે આપેલી આગાહી પ્રમાણે, પવનની દિશા બદલાતા તાપમાન ઊંચકાયું છે જેને કારણે રાજ્યભરમાં ઠંડીનો ચમકારો યથાવત રહે છે.રાજ્યમાં આગામી સાત દિવસગુજરાતનું વાતાવરણ સુકૂં રહેવાની શક્યતા છે. આગામી પાંચ દિવસ ગુજરાતનાં લઘુત્તમ તાપમાનમાં મોટો ફેરફાર થવાની શક્યતા નથી.

# ગાંધીનગરમાં રેતી માફિયાઓ સામે કાર્યવાહી; ૧ કરોડનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર,તા.૨૯ ગાંધીનગર જિલ્લા કલેકટરની સૂચનાથી જિલ્લા ખાણ ભૂસ્તર તંત્ર દોડતુ રહ્યું હતું અને બે દિવસ દરમ્યાન ગેરકાયદે રેતી ચોરી જતા ચાર ડમ્પરને વિવિધ સ્થળેથી ઝડપી લઈ રૂપિયા ૧૦૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ખનીજ માફિયા તત્વો સામે કાર્યાવાહી હાથ ધરી છે. જિલ્લાના નદી કિનારા વિસ્તારોમાં કલેકટરની ચાંપતી નજરથી ખનીજ અને ભૂ માફિયા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ગાંધીનગર કલેક્ટરની સૂચના થકી મદદનીશ ભુસ્તરશાસ્ત્રીની આગેવાનીમાં જિલ્લાના મદદનીશ ભુસ્તરશાસ્ત્રીની કચેરી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતાની ક્ષેત્રીય ટીમ દ્વારા સતત વાહન ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને સાદી રેતી અને સાદી માટી ખનિજના ૪ બિનઅધિકૃત વાહનો જપ્ત કર્યા હતાં. જેમાં કલોલ તાલુકાના થોળ-સિલજ રોડ, નાસ્મેદથી ડમ્પરમાં ૧૬.૫૭૦ MT સાદી રેતી તથા બીજા ડમ્પરમાં ૨૮.૬૬૦ MT સાદીરેતી ગેરકાયદે લઈ જવાતી હતી. તેમજ કડીકલોલ રોડ, છત્રાલથી ત્રીજા ડમ્પરમાં ૧૬.૨૩૦ MT સાદી માટી ખનીજના રોયલ્ટી પાસ વગર ગેરકાયદે લઈ જવાતી હતી. તે ઉપરાંત વધુ એક ડમ્પરમાં રોયલ્ટી પાસ વગર ૨૮.૨૮૦ MT સાદી રેતી લઈ જવાતી હતી. આમ કુલ ચાર વાહનો મળી આશરે ૧૦૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ જપ્ત કરેલ વાહનોના વાહનમાલિકો વિરૂધ્ધ દંડકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જિલ્લાના નદી કિનારા વિસ્તારોમાં ચાંપતી નજરથી ખનીજ અને ભૂ માફિયા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે. ગાંધીનગરમાં ખનીજ ચોરીને માત્ર અટકાવવા નહીં પણ આ પ્રવૃત્તિને મૂળથી કાઢી ફેંકવા તંત્ર સજ્જ થતાં હવે ભૂ માફિયાઓમાં ભાગદોડ મચી જવા પામી છે અને ભૂસ્તર શાસ્ત્રીની ટીમ ખનીજ માફિયાઓ માટે પડકાર બની છે. જેના પરિણામે અઠવાડિયા દરમ્યાન કુલ ૧૩ વાહન જપ્ત કરી કરોડોની કિંમતના ખનીજની હેરફેર અટકાવવામાં પણ તંત્રને સફળતા મળી છે.

# દિલ્હી-મુંબઈથી અમદાવાદ આવતી ફલાઈટના ભાડામાં વધારો થયો




અમદાવાદ, તા.૨૯ ગુજરાતમાં ૧૬ નવેમ્બર બાદ બરાબર લગ્ન સિઝન જામી છે અને આ વર્ષે લગ્નના મુહૂર્ત પણ વધુ હોવાથી અનેક વિદેશમાં સ્થાયી થયેલા લોકો ગુજરાત આવશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ હજારોની સંખ્યામાં NRI વિદેશથી લગ્ન સિઝનમાં પરિવારને મળવા આવી રહ્યા છે, ત્યારે ખાસ કરીને દિલ્હી અને મુંબઈથી અમદાવાદ આવતી ફ્લાઈટના ભાડામાં અધધ વધારો જોવા મળ્યો છે. સામાન્ય રીતે વધુમાં વધુ આઠથી દસ હજારમાં ટિકિટ મળતી હોય છે તે વધીને રૂપિયા ૨૫,૦૦૦ સુધી પહોંચી છે. અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ કેટલાક દેશ સાથે સીધી કનેક્ટિવિટી ધરાવે છે. જેમાં મુખ્યત્વે યુએઈમાં સમાવિષ્ટ થતાં દુબઈ, અબુધાબી, શારજાહ. જ્યારે ફરવા લાયક દેશોમાં સિંગાપોર, મલેશિયા, બેંગકોક, થાઈલેન્ડ આ ઉપરાંત લંડન સાથે પણ સીધી કનેક્ટિવિટી ધરાવે છે. પરંતુ તેમ છતાં દુનિયાના ઘણા દેશોમાં જ્યાં ગુજરાતીઓ વસે છે જેમાં ઓસ્ટ્રેલિયા, અમેરિકા, ન્યુઝીલેન્ડ, કેનેડા જ્યાં સીધી કનેક્ટિવિટી ન હોવાથી ત્યાં વસતા ગુજરાતીઓને ગુજરાત આવવા અન્ય દેશથી દિલ્હી અથવા મુંબઈથી અમદાવાદ આવતી ફ્લાઈટ લેવી પડે છે. તેથી છેલ્લા કેટલાક વર્ષોથી નવેમ્બર મહિનાના અંતમાં અને ડિસેમ્બરમાં દિલ્હી અને મુંબઈથી અમદાવાદ આવતી ફ્લાઈટના ભાડા આસમાને પહોંચી જાય છે. તેમાં પણ જો કોઈ મુસાફરને તાત્કાલિક પણ દિલ્હી અને મુંબઈથી અમદાવાદ આવવું હોય તો તેમને ચારથી પાંચ ગણું ભાડું ચૂકવવાનો પણ વારો આવ્યો છે. દિલ્હી કે જે દેશની રાજધાની છે ત્યાંથી અમદાવાદ આવવા ફ્લાઈટ લેવાના દિવસે જ ટિકિટ બુક કરશો તો ખિસ્સામાંથી ૨૩થી ૨૫ હજાર રૂપિયા સુધી ચૂકવવા પડશે. જોકે, અગાઉથી જ ટિકિટ બુક કરાવી હશે તો તે ટિકિટ વધુમાં વધુ ૮ હજાર રૂપિયા સુધીમાં પડી શકે છે. જ્યારે મુંબઈથી અમદાવાદ આવતા ફ્લાઈટ લેવાના દિવસે જ ટિકિટ બુક કરવામાં આવે તો તે ૧૩થી ૧૫ હજાર રૂપિયા સુધી ચૂકવવા પડશે. જોકે, અગાઉથી જ ટિકિટ બુક કરાવવામાં આવી હશે તો તે પાંચથી સાત હજાર રૂપિયામાં પડશે. એટલે કહી શકાય કે, જો તાત્કાલિક દિલ્હી-મુંબઈથી અમદાવાદની ફ્લાઈટ ટિકિટ બુક કરો તો તેના કરતાં અડધી કિંમતમાં વિયેતનામ અથવા બેંગકોક પહોંચી શકાય છે.

# બીજા શૈક્ષણિક સત્રના ધો-૬થી ૮ના પુસ્તકો બજારમાં મળતા ન હોવાની રાવ

અમદાવાદ, તા.૨૯ રાજ્યમાં બીજા શૈક્ષણિક સત્ર શરૂ થયાના ૧૦ દિવસ બાદ પણ ઘણી ખાનગી સ્કૂલોના ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓને બીજા સેમેસ્ટરના પુસ્તકો મળ્યા ન હોવાની વિગતો સામે આવી છે. દિવાળી વેકેશન પછી પુસ્તકો લેવા માટે વાલીઓ બજારમાં નિકળ્યા ત્યારે પુસ્તકોનો સ્ટોક પૂરો થઈ ગયો હોવાનું દુકાનદારોએ જણાવ્યું હતું. બીજી બાજુ વિક્રેતાઓ દ્વારા પુરતી ડિમાન્ડ કરવામાં આવી ન હોવાના કારણે હાલમાં પુસ્તકોની તંગી વર્તાઈ રહી હોવાનું પણ જાણવા મળે છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યની શાળાઓમાં બીજુ શૈક્ષણિક સત્રનો ૧૦ દિવસ પહેલા પ્રારંભ થઈ ચુક્યો છે. જોકે, સત્ર શરૂ થયા બાદ પણ હજુ શહેરની ઘણી સ્કૂલોમાં ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓને પુસ્તકો મળી રહ્યા ન હોવાનું સામે આવ્યું છે. બીજા સેમેસ્ટરના પુસ્તકો માટે વાલીઓ બજારોમાં ફરતા જોવા મળી રહ્યા છે. વાલીઓના જણાવ્યા પ્રમાણે જ્યારે તેઓ પુસ્તકો લેવા માટે દુકાન ઉપર જાય છે ત્યારે સ્ટોક ન હોવાનું જણાવવામાં આવે છે. આ સમસ્યા માત્ર ખાનગી સ્કૂલોના વિદ્યાર્થીઓને જ નડી રહી છે. સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોને સીધા જ પુસ્તકો મંડળ તરફથી મળતા હોવાથી તેમને પુરતી સંખ્યામાં પુસ્તકો મળી ચુક્યા છે. પરંતુ ખાનગી સ્કૂલોના વિદ્યાર્થીઓને બજારમાંથી પુસ્તકો લેવાના રહેતા હોવાથી તેમને પુસ્તકો મળતા ન હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સુત્રોના જણાવ્યાં પ્રમાણે, પુસ્તકોના વિક્રેતાઓ દ્વારા મંડળ સમક્ષ ડિમાન્ડ કરવામાં આવે તેના આધારે પુસ્તકો પ્રિન્ટ કરીને મોકલવામાં આવતા હોય છે. અમદાવાદના વિક્રેતાઓ દ્વારા સમયસર અને જોઈએ તેટલી ડિમાન્ડ કરી ન હોવાથી પુસ્તકો પૂરતા મળ્યા ન હોવાનું જાણવા મળે છે. જોકે, પાછળથી પુસ્તકો

# કનેક્ટિવિટી વધારવા અને ભીડને હળવી કરવા રૂા.૭,૯૨૭ કરોડના રેલવે પ્રોજેક્ટને કેબિનેટની મંજૂરી

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટ કમિટી ઓન ઈકોનોમિક અફેર્સ (CCEA)એ અંદાજે રૂા.૭,૯૨૭ કરોડના ત્રણ મોટા રેલવે પ્રોજેક્ટને મંજૂરી આપી છે, મંજૂર કરાયેલા પ્રોજેક્ટ્સમાં જલગાંવ-મનમાડ ચોથી લાઈન (૧૬૦ કિમી), ભુસાવલ-ખંડવા ત્રીજી અને ચોથી લાઈન (૧૩૧ કિમી) અને પ્રયાગરાજ (ઈરાદતગંજ)-માનિકપુર ત્રીજી લાઈન (૮૪ કિમી)નો સમાવેશ થાય છે**


નવી દિલ્હી તા.૨૯ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટ કમિટી ઓન ઈકોનોમિક અફેર્સ (CCEA)એ અંદાજે રૂા.૭,૯૨૭ કરોડના ત્રણ મોટા રેલવે પ્રોજેક્ટને મંજૂરી આપી છે. મંજૂર કરાયેલા પ્રોજેક્ટ્સમાં જલગાંવ-મનમાડ ૪થી લાઈન (૧૬૦ કિમી), ભુસાવલ-ખંડવા ૩જી અને ૪થી લાઈન (૧૩૧ કિમી) અને પ્રયાગરાજ (ઈરાદતગંજ)-માનિકપુર ૩જી લાઈન (૮૪ કિમી)નો સમાવેશ થાય છે. આ મલ્ટિ-ટ્રેકિંગ પ્રોજેક્ટ્સ સમગ્ર મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશના સાત જિલ્લાઓમાં ફેલાયેલા છે, જે લગભગ ૬૩૯ કિમીને આવરી લે છે. આ પ્રોજેક્ટ્સ માટે અપેક્ષિત પૂર્ણ કરવાની સમયરેખા ચાર વર્ષની છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, "પ્રોજેક્ટનો હેતુ કનેક્ટિવિટી વધારવા, ભીડ ઘટાડવા અને મુંબઈ અને પ્રયાગરાજ રેલ રૂટને અપગ્રેડ કરીને આર્થિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવાનો છે." ભારતીય રેલવે અનુસાર પ્રોજેક્ટ્સ વિભાગોની હાલની લાઈન ક્ષમતામાં વધારો કરીને અને પરિવહન નેટવર્કને વધારીને લોજિસ્ટિકલ કાર્યક્ષમતામાં સુધારો કરશે, પરિણામે સપ્લાય ચેઈન સુવ્યવસ્થિત થશે અને ઝડપી આર્થિક વૃદ્ધિ થશે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, "સૂચિત મલ્ટિ-ટ્રેકિંગ પ્રોજેક્ટ્સ કામગીરીને સરળ બનાવશે અને ભીડમાં ઘટાડો કરશે, જે મુંબઈ અને પ્રયાગરાજ વચ્ચેના સૌથી વ્યસ્ત વિભાગો ઉપર ખૂબ જ જરૂરી માળખાકીય વિકાસ પૂરો પાડશે." પ્રોજેક્ટ્સ નિર્માણ દરમ્યાન લગભગ એક લાખ માનવ-દિવસ માટે સીધી રોજગારીનું સર્જન કરશે. તે સિવાય પ્રોજેક્ટ બે મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓ-ખંડવા અને ચિત્રકૂટ-વચ્ચે જોડાણ વધારશે અને લગભગ ૧,૩૧૯ ગામો અને ૩૮ લાખની વસ્તીને સેવા આપશે. એક વરિષ્ઠ રેલવે અધિકારીએ જણાવ્યું હતું કે, "સૂચિત પ્રોજેક્ટ્સ વધારાની પેસેન્જર ટ્રેનોના સંચાલનને સક્ષમ કરીને મુંબઈ-પ્રયાગરાજ વારાણસી રૂટ ઉપર કનેક્ટિવિટી વધારશે, નાસિક (ત્ર્યંબકેશ્વર), ખંડવા (ઓમકારેશ્વર) અને વારાણસી (કાશી વિશ્વનાથ)માં જ્યોતિર્લિંગની તથા પ્રયાગરાજ, ચિત્રકૂટ, ગયા અને શિરડીમાં ધાર્મિક સ્થળોની યાત્રા કરતા



તીર્થયાત્રીઓને લાભ કરશે." વધુમાં આ પ્રોજેક્ટ્સ ખજુરાહો યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ, અજંતા અને ઈલોરા ગુફાઓ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ, દેવગીરી કિલ્લો, અસીરગઢ કિલ્લો, રેવા કિલ્લો, યાવલ વન્યજીવ અભયારણ્ય, કેઓટી ધોધ અને પૂર્વા ફળ વગેરે જેવા વિવિધ આકર્ષણોમાં વધુ સુવિધાયુકત પ્રવાસનને પ્રોત્સાહન આપશે. ક્ષમતા વધારવાના કામોથી ૫૧ MTPA (વાર્ષિક મિલિયન ટન)ની તીવ્રતાના વધારાના નૂર ટ્રાફિકમાં પરિણમશે, કારણ કે આ માર્ગ કૃષિ ઉત્પાદનો, ખાતર, કોલસો, સ્ટીલ, સિમેન્ટ, કન્ટેનર વગેરે જેવી ચીજવસ્તુઓના પરિવહન માટે આવશ્યક માર્ગ છે. તે ઉપરાંત આ પ્રોજેક્ટ આબોહવા લક્ષ્યોને હાંસલ કરવામાં અને દેશના લોજિસ્ટિક્સ ખર્ચને ઘટાડવામાં પણ મદદ કરશે અને તે CO2 ઉત્સર્જનને ૨૭૧ કરોડ કિલોગ્રામ ઘટાડવામાં પણ મદદ કરશે, જે ૧૧ કરોડ વૃક્ષો વાવવાની સમકક્ષ છે.

# સોમનાથ પંથક કારતક વદ અમાસે 'વ્હેલ દિવસ' ઉજવશે

## સુપ્રસિધ્ધ રામપારાયણ કથાકાર મોરારીબાપુનો સહયોગ, પ્રયાસ અને તેના બ્રાન્ડ એમ્બેસેડર તેમજ સાગર ખેડૂઓના અદ્દ્ભુત યોગદાનને કારણે વ્હેલ શાર્ક માછલીનો શિકાર હવે સંપુર્ણ બંધ





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૨૯

કારતક વદ અમાસને વ્હેલ શાર્ક દિવસ તરીકે ગીર સોમનાથ વેરાવળ ખાતે ઉજવવામાં આવે છે. વર્ષ ૨૦૦૭ માં તત્કાલીન વનમંત્રી મંગુભાઈ પટેલે ઘોષીણ કર્યુ ત્યારથી આ દિવસ ઉજવાય છે. જેમાં વ્હેલ શાર્ક સંરક્ષણ અને તે સંબંધીત જાગૃતિ અંગેના પ્રવચનો યોજવામાં આવે છે. ગુજરાત રાજયના વનવિભાગ દ્વારા વર્ષ ૨૦૦૭ થી કારતક વદ અમાસના દિવસને રાજયવ્યાપી ગુજરાત વ્હેલ શાર્ક દિવસ ઉજવતું ભારતમાં ફકત ગુજરાતજ એક એવું દરિયાઈ રાજય છે. જે વ્હેલ શાર્કના સંરક્ષણ અને સંવર્ધન હેતુથી પ્રોજેકટ હાથ ધરી મુળભુત યોગદાન આપનારા સાગર ખેડુઓ તેમજ વિશિષ્ટ કામગીરી કરતા અસંખ્ય લોકોના પ્રયાસોને સન્માનિત્ કરી તેમના મનોબળને મજબુત કરવાના હેતુને સાર્થક કરવામાં આવે છે. એટલું જ નહીં વર્ષ ૨૦૦૬થી ગુજરાત રાજના વનવિભાગ દ્વારા વ્હેલ શાર્કના રેસ્કયુ દરમ્યાન થતાં જાળના આર્થિક નુકશાનની ભરપાઈ કરવા ગુજરાત સાગર ખેડુઓને જાળના કુલ નુકશાન અથવા મહત્તમ રૂા.૨૫ હજારની રકમ મર્યાદામાં વળતર તરીકે ચુકવવામાં આવે છે.

ગુજરાતના સાગર ખેડુઓ દ્વારા પાછલા બે દાયકાના સમયગાળા દરમ્યાન વ્હેલ શાર્ક સંરક્ષણ પ્રોજેકટ અંતર્ગત આકસ્મિક રીતે જાળમાં ફસાયેલ લગભગ ૯૫૦ થી પણ વધારે વ્હેલ શાર્કને સુરક્ષિત પરત છોડી દઈ તેનો જીવ બચાવી લેવામાં આવે છે.

આજે સમગ્ર ગુજરાતના દરિયામાં ભ્રમણ કરતી આપણી વ્હાલી વ્હેલ શાર્ક માછલી સંપુર્ણપણે સુરક્ષિત છે. જેમાં અસંખ્ય લોકોની ભાગીદારી અને યોગદાન છે.

**કેમ શકય બન્યું?**

સુપ્રસિધ્ધ રામપારાયણ કથાકાર મોરારીબાપુએ સૌપ્રથમ વર્ષ ૨૦૦૪માં ગુજરાતના સમગ્ર સાગર ખેડુ સમાજને વ્હેલ શાર્કને બચાવવા આહવાન કર્યુ ત્યારબાદ આજ સુધી ગુજરાતના દરિયામાં એક પણ વ્હેલ શાર્કનો શિકાર થયો નથી. આકસ્મિક રીતે જે જાળમાં પકડાય છે તેને પણ છોડી સમુદ્રમાં પરત તરતી મુકે છે. ત્યારે મોરારીબાપુનું કહેવું એવું હતું કે 'વ્હેલ શાર્ક આપણી મહેમાન છે અન તે જેમ દિકરી માવતરે પ્રસુતિ માટે આવે છે તેવી રીતે માવતર તરીકે આપણે કાળજી લઈએ.' સાગર ખડુઓએ તેમના આ આહવાનને ઝીલી લીધું અને ત્યારથી પોતાની કિંમતી જાળોને કાપીને પણ પોતાનો આર્થિક લાભ જતો કરીને પણ વ્હેલ શાર્કનું સંરક્ષણ કરે છે.

**આ અગાઉ શું હતું?**

વર્ષ ૨૦૦૦ ની સાલ પહેલા ગુજરાતના દરિયામાં આ વ્હેલ શાર્ક માછલીને તેના ફિન્સ અને લીવર ઓઈલ માટે ખુબ વિપુલ માત્રામાં શિકાર કરવામાં આવતો હતો. ત્યારે ગુજરાતના સાગર ખેડુઓને એક વ્હેલ શાર્ક માછલીનો શિકાર કરવાથી લગભગ બે થી ત્રણ લાખ રૂપિયાનો આર્થિક લાભ થતો હતો. ૨૦ મી સદીના અંત સુધીમાં ગુજરાતના દરિયામાં આશરે ૬૦૦ જેટલી વ્હેલ શાર્ક શિકાર પ્રક્રિયાને માઈમ પાન્ડે દ્વારા નિર્મિત 'શોર ઓફ સાયલેન્સ' ફિલ્મ મારફત પ્રકાશિત થયેલ છે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લાની ડીસ્ટ્રીક્ટ ક્રાઈસીસ ગ્રુપની બેઠક યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૯

દેવભૂમિ દ્વારકા જિલ્લામા આવેલ વિવિધ ઔદ્યોગિક 'મેજર એકસીડેન્ટલ હાઝાર્ડ' યુનિટ્સને ધ્યાને લઈ તેમાં સલામતી સુનિશ્ચિત કરવા માટે ડીસ્ટ્રીક્ટ ક્રાઈસીસ ગ્રુપની રચના કરવામાં આવી છે, જેની બેઠક નિવાસી અધિક કલેકટર ભુપેશ જોટાણિયાની અધ્યક્ષતામાં જિલ્લા સેવા સદન, ખંભાળિયા ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં સભ્યોને જિલ્લામાં આવેલ યુનિટ્સ, તેમાં વપરાતાં રસાયણો, તેમાં સંભવિત અકસ્માત સમયે ઉપયોગી સાધનોની કંપની ખાતે ઉપલબ્ધતા, મોક ડ્રીલ આયોજનો, સેફટી ઓડિટ વગેરેથી માહિતગાર કરીને આપત્તિ વ્યવસ્થાપન અંગેની સ્થિતિનો ચિતાર આપવામાં આવ્યો હતો.

રાસાયણિક અકસ્માતોના નિવારણ માટે કુરંગા, વાડીનાર, મીઠાપુર અને ભોગાત ખાતે આવેલ વિવિધ કંપનીઓના પ્રતિનિધિઓને જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર સાથે જરૂરી સંકલન સાધવા તેમજ કંપનીના આંતરિક સલામતી તપાસના રીપોર્ટ અનુસાર જરૂરી વ્યવસ્થા કરીને સલામતી સુનિશ્ચિત કરવા જણાવવામાં આવ્યું હતું. હાનિકારક રસાયણોના યુનિટમાં કે પરિવહન દરમ્યાન લિકેજ/ આગની ઘટના સમયે ધ્યાનમાં રાખવાની બાબતો અંગે ચર્ચા કરવામાં આવી હતી. વધુમાં સબ ડિવિઝન કક્ષાએ લોકલ ક્રાઈસીસ ગ્રુપની રચના કરીને નિયત સમયગાળામાં મિટિંગો યોજવા માટે સુચના આપવામાં આવી હતી. આ બેઠકમાં જાહેર સલામતી અને આપત્તિ વ્યવસ્થાપનને લગત વિભાગોના અધિકારીશ્રીઓ તેમજ કંપનીઓના પ્રતિનિધિ હાજર રહ્યાં હતાં.

# મારવાડી યુનિવર્સિટી દ્વારા ૭માં દીક્ષાંત સમારોહમાં ૨૫૦૦ વિદ્યાર્થીઓને આશિષ તુલસીયને અભિનંદન પાઠવ્યા

## વિદ્યાર્થીઓને ઘણી ટિપ્સ આપી અને પોતાના અનુભવો શેર કર્યા





(પંકજ ઝીબા દ્વારા)


રાજકોટ તા. ૨૯

ગુજરાતની અગ્રણી મારવાડી યુનિવર્સિટી દ્વારા ૨૩મી નવેમ્બર ૨૦૨૪ના રોજ ૭મો દીક્ષાંત સમારોહ કેતન મારવાડી, જીતુભાઈ ચંદારાણા, પ્રોફેસર ડો. આર. બી. જાડેજા, પ્રોવીસી ડો.સંજીત સિંઘ, એક્ઝેક્યુટીવ રજીસ્ટ્રાર નરેશ જાડેજા, વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને વિશેષ અતિથિ, રેસ્ટ્રોવર્ક્સના સહ સ્થાપક અને CEO, આશિષ તુલસીયન (ચીફ ગેસ્ટ) ની ઉપસ્થિતિમાં ઉજવાયો હતો. જેમાં સીરિયા, સાઉથ સુદાન, U.A.E, રશિયા, નાઈજિરિયા, ઝામ્બિયા વગેરેના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ સહિત ૨૫૦૦ વિદ્યાર્થીઓએ તેમની ડિગ્રીઓ અને ડિપ્લોમા પ્રાપ્ત કર્યા હતા. સમારોહના મુખ્ય અતિથિ આશિષ તુલસીયનએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા અને ભવિષ્ય માટે ઘણી ટિપ્સ અને પોતાના અનુભવો શેર કર્યા હતા. મારવાડી યુનિવર્સિટીમાં શૈક્ષણિક સંશોધને નોંધપાત્ર પ્રગતિ દર્શાવી છે, જેમાં પાછલા શૈક્ષણિક વર્ષમાં ૪૧૬ સંશોધન પત્રો પ્રકાશિત થયા છે. વધુમાં, યુનિવર્સિટીએ ઉભરતા સંશોધકોને તેમની સંશોધન પહેલને ટેકો આપવા માટે ફંડિંગ પણ આપેલી છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન કેમ્પસની મુલાકાત લેનાર ૪૫૦ કંપનીઓના મત મુજબ, MU વિદ્યાર્થીઓને ભવિષ્યના જોબ માર્કેટ માટે તૈયાર છે, જેમાં તેમને ડ્રિમ પેકેજ સાથે નોકરીની ઓફર કરવામાં આવી છે, જેમાં સૌથી વધુ પગારનું પેકેજ ઓફર કરવામાં આવે છે.

### ટોરેન્ટ ગ્રુપના યુ.એન.એફ. ફાઉન્ડેશન આયોજિત

# અભિવ્યક્તિની છઠ્ઠી આવૃત્તિમાં મનોરંજનની સાથે 'શેડો પપેટ' શીખતા કલા રસિકો

## રમૂજથી ભરપૂર વ્યંગાત્મક નાટ્ય પ્રસ્તુતિએ એક તરફ દર્શકોને ખડખડાટ હસાવ્યા તો બીજી બાજુ આત્મનિરીક્ષણ માટે પ્રેરીત કર્યા




(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૨૯

ટોરેન્ટ ગ્રૂપના મહેતા પરિવાર પ્રેરિત યુ.એન.એમ. ફાઉન્ડેશનની પહેલ એવા અભિવ્યક્તિ- ધ સિટીઆર્ટસ પ્રોજેક્ટની છઠ્ઠી આવૃત્તિમાં ગુરૂવારે વિવિધ પ્રસ્તૃતિઓ અને કલાકૃતોઓ રજુ કરવામાં આવી, જે દ્વારા દર્શકોનું મનોરંજન કરવાની સાથે સાથે તેમને નવી પ્રેરણા આપી હતી. ગુરૂવારની પ્રસ્તૃતિઓમાં વ્યંગાત્મક નાટ્ય પ્રસ્તુતિ મુખ્ય રહી, જેમાં કાનૂન વ્યવસ્થા ઉપર વ્યંગ કરવામાં આવ્યો હતો. રમૂજથી ભરપૂર આ નાટકે કાનુની કાર્યવાહીની આંટીઘૂંટીઓ અને બિનજરૂરી બાબતો ઉપર એક વિચારપ્રેરક ટિપ્પણી રજુ કરી, જે દર્શકોના દિલને સ્પર્શી ગઈ હતી. અન્ય પ્રસ્તુતિમાં કલાઉન (રંગલા)ના પ્રદર્શને આદર્શ વ્યક્તિત્વ સાથેના સામાજિક વળગાડને દર્શાવીને રમૂજનો સ્પર્શ ઉમેર્યો હતો. કલાકારો દ્વારા પોતાની હરકતો અને ભાવોના માધ્યમથી એ વાત રજુ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો કે આદર્શ વ્યક્તિત્વની શોધ મોટાભાગે હાસ્યજનક પરિસ્થિતિઓ તરફ દોરી જાય છે. આ નાટક દર્શકોને ખડખડાટ હસાવવાની સાથે આત્મચિંતન કરવા માટે પ્રરિત કરે છે. સાંજના સમયે અન્ય એક સંગીત પ્રસ્તૃતિ અને નૃત્ય શો એ દર્શકોને જકડી રાખી મનોરજંન પુરૂં પાડયું હતું.

અભિવ્યક્તિના માધ્યમથી મનોરંજન ઉપરાંત શીખવાની તક પણ પ્રાપ્ત થાય છે. ગુરૂવારે આવી જ એક ૩-દિવસીય થિયેટર વર્કશોપનું સમાપન થયું, જેમાં કલા પ્રેમીઓએ શેડો પપેટ થિએટર શીખવાનો અનુભવ મેળવ્યો હતો. ચેન્નાઈ-સ્થિત વાર્તાકાર અને કઠપૂતળી કલાકાર કાર્તિકે 'શેડો પપેટ' પર વર્કશોપનું સંચાલન કર્યું હતું, જેમાં હાજરી મફત હતી પરંતુ અગાઉથી નોંધણી કરવું ફરજીયાત હતું. આ વર્કશોપમાં ૭ વર્ષથી ઉપરના બાળકો, યુવાન છોકરાઓ અને છોકરીઓ સહિત કુલ ૨૮ પાર્ટિસિપન્ટ્સએ હાજરી આપી હતી. વ્યક્તિગત અનુભવોમાંથી વાર્તા કેવી રીતે બનાવવી, થિએટરમાં શબ્દો અને ગાયકીનો ઉપયોગ, બોડી લેંગ્વેજ અને થિયેટરની મુદ્રાઓ, ચિત્રકામ અને લાકડીની કઠપૂતળીઓ કેવી રીતે બનાવવી જેવી અનેક બારિક બાબતોનો બધા પાર્ટિસિપન્ટ્સે જાત અનુભવ મેળવ્યો હતો. વર્કશોપ દ્વારા કાર્તિકે તેઓને ઓછા ખર્ચમાં શેડો પપેટ શોની સ્ક્રીનીંગ માટે સરળતાથી ઘરમાં ઉપલબ્ધ હોય તેવી વસ્તુઓનો ઉપયોગ કરવાનું માર્ગદર્શન આપ્યું હતું.

# અબુ ધાબી, શ્રીલંકા,ઈઝરાયેલ અને તાંઝાનિયાનું અદાણી જૂથને પુનઃસમર્થન, સતત બીજા દિવસે અદાણીના શેરમાં તોફાની તેજી!

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૨૯

યુએસના આરોપો બાદ અદાણી જૂથનેવિદેશોમાંથી ભરપૂર સમર્થન મળી રહ્યું છે. અબુ ધાબી, શ્રીલંકા, ઈઝરાયેલ અને તાંઝાનિયા જેવા દેશોએ અદાણી જૂથ પર વિશ્વાસ અકબંધ રાખતા પુનઃ સમર્થન આપ્યું છે. તો સતત બીજા દિવસે પણ અદાણી જૂથની કંપનીઓના શેરમાં તોફાની તેજી જોવા મળી હતી. દરમ્યાન અદાણી જૂથ અમેરિકામાં લાગેલા આરોપો મામલે સંભવિત તમામ કાયદેસરની કાર્યવાહી કરશે.

ઉદ્યોગપતિ ગૌતમ અદાણી પર યુએસના આરોપો મામલે અબુધાબીની ઈન્ટરનેશનલ હોલ્ડિંગ કંપની (IHC)એ અદાણી ગ્રુપના ટીકાકારોને સજ્જડ જવાબ આપ્યો છે. IHCએ અદાણી ગ્રૂપમાં તેનું રોકાણ યથાવત રાખ્યું છે. IHCએ જારી કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, "અદાણી ગ્રૂપ સાથેની ભાગીદારી ગ્રીન એનર્જી અને સસ્ટેનેબિલિટી સેક્ટર ક્ષેત્રે યોગદાનમાં અમારા વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.

IHCએ સ્પષ્ટપણે કહ્યું છે કે "અદાણીજૂથને લઈને અમારા દષ્ટિકોણમાં કોઈ ફેરફાર થયો નથી". ગતસપ્તાહે યુએસ તરફથી ગૌતમ અદાણી, તેમના ભત્રીજા અને એક્ઝિક્યુટિવ ડિરેકટર સાગર અદાણી તેમજ અદાણી ગ્રીનના મેનેજિંગ ડિરેકટર વિનીત એસ. જૈન પર આક્ષેપો કરવામાં આવ્યા હતા. જો કે, અદાણી ગ્રુપે તે સમાચારોને પાયા વિહોણા ગણાવી ફગાવ્યા હતા.

ઈન્ટરનેશનલ હોલ્ડિંગ કંપની અંદાજે USD ૧૦૦ બિલિયનની અસેટ્સનું સંચાલન કરે છે. સૌથી મોટા સોવરિન ફંડ્સમાંની એક IHC એ ગૌતમ અદાણી પર ભરોસો વ્યક્ત કરતા અદાણી જૂથમાં રોકાણ અને યથાવત રાખવાની ઘોષણ કરી છે.IHC એ એપ્રિલ ૨૦૨૨ માં, અદાણી ગ્રીન એનર્જી અને પાવર કંપની અદાણી ટ્રાન્સમિશનમાં લગભગ USD ૫૦૦ મિલિયનનું અને અદાણી એન્ટરપ્રાઈઝિસમાં USD ૧ બિલિયનનું રોકાણ કર્યુ હતું.

દરમ્યાન અન્ય આંતરરાષ્ટ્રીય ભાગીદાર શ્રીલંકાએ પણ અદાણી જૂથમાં ટેકો યથાવત્ રાખ્યો છે. શ્રીલંકા પોર્ટ ઓથોરિટીએ કોલંબો ટર્મિનલમાં USD ૧ બિલિયન રોકાણની અદાણીની ભાગીદારીમાં વિશ્વાસ વ્યકત કર્યો છે. આ પ્રોજેક્ટ શ્રીલંકાના પોર્ટ સેક્ટરમાં સૌથી મોટું વિદેશી સીધુ રોકાણ બનશે. શ્રીલંકા પોર્ટ્સ ઓથોરિટીના ચેરમેન એડમિરલ સિરીમેવાન રણસિંઘે (નિવૃત્ત) જણાવ્યું છેકે પ્રોજેક્ટને રદ કરવા અંગે કોઈ ચર્ચા થઈ નથી. આ પ્રોજેક્ટ આગામી બે-બે મહિનામાં કાર્યરત થઈ જશે.

આ તરફ તાંઝાનિયા સરકારે પણ અદાણી પોર્ટ્સ સાથેના કરારો પ્રત્યેની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી છે. તેને લાગે છે કે તે પ્રોજેક્ટ્સમાં કોઈ ચિંતાની જરૂર નથી. કારણ કે તમામ કોન્ટ્રાક્ટ તાંઝાનિયાના કાયદાનું સંપૂર્ણ પાલન કરે છે. મે-૨૦૨૪માં તાન્ઝાનિયા અને અદાણી પોર્ટ્સે દારએસસલામ બંદર પર કન્ટેનર ટર્મિનલ-૨ માટે ૩૦-વર્ષના કન્સેશન કરાર કર્યા હતા. અદાણી પોર્ટ્સે તાન્ઝાનિયા ઈન્ટરનેશનલ કન્ટેનર ટર્મિનલ સર્વિસિસમાં ૯૫ ટકા હિસ્સો હસ્તગત કર્યો છે. તે USD ૯૫ મિલિયનમાં હસ્તગત રાજ્યની માલિકીની એન્ટિટી છે.

ઈઝરાયેલેપણ અદાણી જૂથમાં વિશ્વાસ અકબંધ રાખ્યો છે. ભારતમાં ઈઝરાયેલના રાજદૂતે ગરૂવારે જણાવ્યું હતુ કે, "અમે ઈચ્છીએ છીએ કે અદાણી અને તમામ ભારતીય કંપનીઓ ઈઝરાયેલમાં રોકાણ કરવાનું યથાવત્ રાખે," એમ્બેસેડર રૂવેન અઝારે યુએસના આક્ષેપોનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, ઈઝરાયેલને અદાણી જૂથના રોકાણથી કોઈ સમસ્યા નથી.

દરમ્યાન કેરળના મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયને આંતરરાષ્ટ્રીય બંદરના ભાવિ વિકાસની ખાતરી કરતા અદાણી વિઝિંજમ પોર્ટ પ્રા.લિ.વચ્ચે પૂરક રાહત કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ પ્રોજેકટમાં રૂા.૧૦,૦૦૦ કરોડના વધારાના રોકાણનો સમાવેશ થશે, પોર્ટની ક્ષમતા ૩૦ લાખ TEU સુધી વિસ્તરણ પામશે.મુખ્યમંત્રીએ X પરની પોસ્ટમાં જણાવ્યું હતું કે, "તે સીમાચિહ્નરૂપ વ્યાપક વિકાસ અને વૈશ્વિક જોડાણ માટેની અમારી પ્રતિબદ્ધતાને દર્શાવે છે."

દરમ્યાન અદાણી ગ્રૂપના મોટા ભાગના શેરોમાં સતત બીજા સત્રમાં શાનદાર રિકવરી જોવા મળી હતી. અદાણી ટોટલ ગેસનો શેર આજે સવારે ૧૦:૨૦ વાગ્યા સુધી ૧૬.૮૬%ના વધારા સાથે રૂા. ૮૧૧.૧૦૫૨ ટ્રેડ થયો હતો. ગઈકાલે તે૨૦% વધ્યો હતો. અદાણી એનર્જી સોલ્યુશન્સ અને અદાણી ટોટલ ગેસના શેરમાં ગુરૂવારે શરૂઆતના ટ્રેડિંગમાં સૌથી મોટો ઉછાળો જોવા મળ્યો હતો. બંને શેરમાં ૧૦%ની અપર સર્કિટ લાગી હતી. આ ઉછાળાને કારણે અદાણી એન્ટરપ્રાઈઝિસ અને અદાણી પોર્ટ્સ નિફ્ટીમાં ટોપ ગેઈનર્સમાં સામેલ થયા હતા. તે જ સમયેઅદાણી ગ્રુપની માર્કેટ કેપમાં રૂા. ૪૨,૫૦૦ કરોડથી વધુનો ઉમેરો થયો હતો.




ભ્રષ્ટાચારની આવકમાંથી જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓની ફી ભરશો તો તે વિદ્યાર્થીઓ પણ ભ્રષ્ટાચારી જ બનશે!




મા, તને અને પિતાજીને અંગ્રેજીનો સ્પેલીંગ નથી આવડતો અને મને અંગ્રેજીમાં ભણાવવાનો આગ્રહ શા માટે રાખો છો?

# જૂનાગઢ સહિત સોરઠમાં શિયાળો જામ્યો : ઠંડી વધી

## ગરમ વસ્ત્રોની ખરીદી શરૂ, તલ પાપડી, ખજુર પાક, તલ સાકરીની માંગ વધી કાવાની લીજ્જત માણતા લોકો





જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ સહિત સોરઠમાં શિયાળો ધીમે ધીમે જામતો જાય છે અને ઠંડીનું જોર વધતાં લોકો ગરમ વસ્ત્રો ખરીદી રહયા છે અને ઠંડીની સામે રક્ષણ મેળવી રહયા છે તો બીજી તરફ ઠંડીના ચમકારાને પગલે વહેલી સવારે તેમજ સાંજથી લોકોની અવર જવર ઓછી જોવા મળે છે.

નવા વર્ષ અને દેવ દિવાળી અને કાર્તિક પુનમ બાદ શિયાળો ધીમે ધીમે પોતાની રંગત બતાવી રહેલ છે. છેલ્લા એક સપ્તાહથી તો તાપમાનનો પારો ગગડતા ઠંડીમાં વધારો થઈ રહયો છે. જૂનાગઢ શહેર અને સોરઠમાં ઠંડીની અસર વધી રહી છે. આ સાથે જ વાતાવરણ ઠંડુગાર બની રહયું છે.

જૂનાગઢ શહેરમાં વધતા જતાં ઠંડીનાં દોરને કારણે સાંજે સુર્યાસ્ત બાદ લોકોની અવર જવર ઓછી જોવા મળે છે. જયારે ગિરનાર પર્વત ઉપર સવારે વાદળોની ચાદર છવાઈ જતી હોય તેવા દ્રશ્યો સર્જાઈ છે. ઠંડીમાં વધારો થતાં ગરમ વસ્ત્રોની માંગ વધી છે.

જૂનાગઢ શહેરમાં આવેલા ગરમ વસ્ત્રોનાં વેચાણ કેન્દ્રો-પોટાલા માર્કેટ તેમજ દુકાનોમાંથી લોકો ગરમ વસ્ત્રોની ખરીદી કરી રહયા છે. સ્વેટર, મફલર, ગરમ કોટ, કાન ટોપી વગેરેની ખરીદી થઈ રહી છે.

આ ઉપરાંત હાલ માર્કેટમાં લીલા શાકભાજી પુષ્કળ આવતા હોય રીંગણા, બટેટા, આદુ, કોથમીર, મરચા, લીંબુ, મુળા, ગાજર, કઠોળ, વટાણા, ચોરા, ચોરી જેવા શાકની પણ માંગ વધી છે. સ્કુલે જતા બાળકોથી લઈ કામધંધે જતાં લોકો, વોકીંગ માટે જતા લોકો જયારે ઘરની બહાર અથવા તો કામકાજ માટે નીકળે છે. ત્યારે અવશ્ય ગરમ વસ્ત્રો ધારણ કરી ઠંડી સામે રક્ષણ મેળવી રહયા છે.

આગામી સપ્તાહમાં ઠંડી હજુ વધવાની છે ત્યારે આગામી દિવસોમાં કાતીલ ઠંડીનાં દિવસો રહેશે અને લોકોને હાડ થીજવાતી ઠંડીનો સામનો કરવો પડશે.

જીવમાત્રને દરેક ૠતુની અસર થતી હોય છે ત્યારે શિયાળાના દિવસોમાં પશુ-પક્ષીઓ પણ સાંજના વહેલા જંપી જતા હોય છે.

શિયાળો આવે એટલે જેમ રીંગણાનો ઓળો સાંભરે તેમ ખજુર-પાક, દાળીયા પાક, તલ સાકરી, ચીકી પણ લોકો ઘરે બનાવતા હોય અથવા તો બજારમાંથી તૈયાર લેતા હોય છે.

આ ઉપરાંત મસાલાથી ભરપુર 'કાવા'ની પણ લીજ્જત માણતા હોય છે. શિયાળો હવે ધીમે ધીમે જામી રહયો છે અને કાતીલ ઠંડીનો દોર શરૂ થઈ રહયો છે.

## માંગરોળના કામનાથ રોડ ઉપર આવેલ વડલાઓમાં આગ લાગી નગરપાલીકાનાં ફાયર બ્રીગેડ દ્વારા આગ કાબુમાં લાવવામાં





(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨૯

રોડની બંને સાઈડ ઉકરડા અને વેસ્ટ ફાઈબરનો કચરો, નાળીયેરીના પત્તા(તાલા) જેવા કચરાના હિસાબે આગ લાગવાના અવારનવાર બનાવો બનતા હોય, તંત્રને લેખીત તેમજ મૌખિક અનેક રજુઆત કરવાં છતા કોઈના પેટનું પાણી હલતું નથી. વડલાઓમાં આગ લાગવાની ઘટનાની જાણ થતાંજ સંજીવની નેચર ફાઉન્ડેશન ની ટિમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. સંજીવની નેચર ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી નરેશ ગીરી ગોસ્વામી દ્વારા માંગરોળ નગર પાલીકાનાં ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા આગ કાબુમાં લેવામાં આવી હતી. જવાબદાર તંત્ર ને આ બાબતે અનેક વખત રજુઆતો કરવા છતાં પણ કોઈજ કાર્યવાહી કરવામાં આવતી ન હોય તંત્રની ઘોર બેદરકારીના કારણે અવારનવાર કામનાથ રોડ ઉપર વૃક્ષો સળગાવવાના બનાવો બનતા રહેતા હોય છે. રોડ ટચ ઉકરડાઓ કરી દેવામાં આવ્યા હોય અહીથી પસાર થતા વાહન ચાલકો તેમજ રાહદારીઓ ને પણ આ કારણે અહીથી પસાર થવું મુશ્કેલ થતું હોય છે તેમજ આ કારણે અહી અકસ્માતો થવાના પણ અવાર નવાર બનાવો બનતા રહેતા હોય વાહન ચાલકો ને પણ આ કારણે અકસ્માતો ડર રહેતો હોય છે આથી જવાબદાર તંત્ર દ્વારા આવા ઉકરદાઓ દૂર કરાવવા અહીથી પસાર થતા લોકો દ્વારા તેમજ પર્યાવરણ પ્રેમી ઓ દ્વારા માંગ કરવામાં આવી રહી છે. આ રોડ ઉપર શ્રી કામનાથ મહાદેવનું અતિ પૌરાણિક ધાર્મિક મંદિર આવેલું છે. જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં આ મંદિર હિન્દૂ ધર્મનું આસ્થાનું પ્રતીક છે. આ રોડ ઉપરના અતિ પૌરાણિક અને ઘટાટોપ વડલાઓના કારણે રસ્તાની પૌરાણિક છબીનું દર્શન કરાવે છે સાથે સાથે ઉનાળાના બળબળતા તાપમા અહીથી પસાર થતા લોકો આવા ઘટાટોપ વૃક્ષોના છાયામાં વિસામો લેતા હોય છે. શ્રી કામનાથ મહાદેવના મંદિરે દૂર દૂરથી હિન્દૂ ધર્મના લોકો દર્શન કરવા આવે છે તેમજ ચોમાસાની ૠતુમાં આહ્લાદક દ્રશ્યો જોવા મળે છે અને દર્શનાર્થીઓ ખુબજ બહોળી સંખ્યામાં અહીં પગપાળા દર્શન કરવા માટે પણ આવતા હોય છે તો એકરીતે આ ઘટાટોપ વડલાઓ નીચે વિસામો લેતા જોવા મળતા હોય છે. માંગરોળના અલગ અલગ વિસ્તારોમાં વડલાઓમાં આગના બનાવો અવારનવાર બનતા રહેતા હોય આ બાબતે અવાર નવાર જવાબદાર તંત્રને લેખિત અને મૌખિક રજૂઆતો શ્રી સંજીવની નેચર ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવતી હોય છે પરંતુ તંત્ર દ્વારા આજ સુધી આ બાબતે જવાબદારો સામે કોઈજ કાર્યવાહી કરવામાં આવી હોય તેવું આજ સુધી ધ્યાને આવ્યું નથી. ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ તેમજ પોલીસના સહકારથી આવા તત્વોને તાત્કાલિક ઝડપી પાડી કડકમાં કડક કાર્યવાહી કરવી જોઈએ તેવી પર્યાવરણ પ્રેમીઓમાં માંગ ઉઠવા પામી છે.

## ગીર સોમનાથ : કારતક વદ અમાસના દિવસે વ્હેલ શાર્ક દિવસ



(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૨૯


ગીર સોમનાથ કારતક વદ અમાસ નિમિત રાખી વ્હેલ શાર્ક દિવસ તરીકે ઉજવણી કરે છે.

વર્ષ ૨૦૦૭થી તત્કાલીન વનમંત્રી મંગુભાઈ પટેલે આ દિવસ ધોષીત કર્યો હતો. જેમાં વ્હેલ શાર્ક સંરક્ષણ-સંવર્ધન અને જેનો શિકાર ન થાય તે માટેની જાગૃતિ પ્રયાસો પ્રવચનો યોજવામાં આવે છે.

સુપ્રસિધ્ધ રામપારાયણ કથાકાર મોરારીબાપુની અપીલ અને સાગર ખેડૂત સમાજે તેને આપેલો બહોળી પ્રતિસાદ તથા ગુજરાત વન વિભાગના પ્રયાસો અને ખાનગી કંપનીના સહયોગના કારણે ગુજરાતના દરીયામાં હવે શાર્કનો શિકાર થતો નથી. એટલું જ નહી આકસ્મિક રીતે જે વ્હેલ જાળમાં પકડાય છે તેને પણ કાળજીપુર્વક જાળમાંથી મુકત કરી દરીયામાં પરત છોડાય છે. આ માટે જાળ કાપતાં આર્થીક નુકશાન પણ થાય છે છતા તેની પરવા કર્યા વગર સાગરખેડૂ સમાજ દિલથી વહેલ શાર્કને જીવતદાન આપે છે. જો કે વન વિભાગ તરફથી મહત્તમ રૂપિયા ૨૫ હજારની રકમ મર્યાદામાં વળતર તરીકે પણ ચુકવવામાં આવે છે. પાછલા બે દાયકામાં વ્હેલ શાર્ક પ્રોજેકટ અંતર્ગત લગભગ ૯૫૦થી પણ વધારે વ્હેલ શાર્કને સુરક્ષીત પરત દરીયામાં તરતી કરાઈ છે. વર્ષ ૨૦૦૦ પહેલા ગુજરાતના દરીયામાં વહેલ શાર્ક માછલીનો શિકાર થતો અને જે શિકારથી લગભગ બેથી ત્રણ રૂપિયાનો આર્થિક લાભ થતો જે હવે ભૂતકાળ બની ચુકયું છે. સાગરખેડૂઓનો સારો પ્રતિસાદ, વનવિભાગનો સહયોગ અને મોરારીબાપુની અપીલે આ ક્ષેત્રમાં ઘણી સફળતા મેળવી છે.

## 'સ્વાગત' માં રજૂ થતા પ્રશ્નો-સમસ્યાઓનું નિશ્ચિત સમય મર્યાદામાં નિરાકરણ કરવા અધિકારીઓને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા નિર્દેશો

### રાજ્ય સ્વાગતમાં મળેલી ૧૨૦ જેટલી રજૂઆતોનું સંબંધિત કક્ષાએ નિવારણ થયું : ૭ કિસ્સાઓમાં મુખ્યમંત્રીએ સ્વયં રજૂઆત કરનારાઓને સાંભળી જિલ્લા-વિભાગોના અધિકારીઓને સમસ્યાના નિવારણ માટે માર્ગદર્શન-સુચનાઓ આપ્યાં







(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટેક્નોલોજીના સુચારૂ ઉપયોગથી પ્રજાજનોની સમસ્યા-રજૂઆતોના 'સ્વાગત' ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત નવેમ્બર-૨૪ના રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત રહીને વિવિધ રજૂઆતો સાંભળી હતી. મુખ્યમંત્રીએ સ્વાગતમાં સામાન્ય માનવીઓ-નાગરિકો દ્વારા કરવામાં આવતી રજૂઆતોનું નિરાકરણ નિશ્ચિત સમય મર્યાદામાં લાવી દેવાના સ્પષ્ટ દિશા નિર્દેશો સંબંધિત અધિકારીઓને આપ્યા હતા. મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં દર મહિનાના ચોથા ગુરૂવારે યોજાતા રાજ્ય સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં નાગરિકો-અરજદારો પોતાની રજૂઆતો ગુરૂવારે સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ દરમ્યાન રજૂ કરે છે. આવી મળેલી રજૂઆતોની સ્ક્રુટીની કરીને સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે પરામર્શમાં રહીને તેનું નિવારણ કરવામાં આવે છે. નાગરિકોની લાંબા ગાળાની પડતર રહેલી રજૂઆતો મુખ્યમંત્રી આ રાજ્ય સ્વાગતમાં પોતે સાંભળે છે અને જિલ્લા-વિભાગોના અધિકારીઓને સમસ્યાના નિવારણ માટે માર્ગદર્શન-સુચનાઓ પણ આપે છે. નવેમ્બર-૨૪ના ચોથા ગુરૂવારે યોજાયેલા આ રાજ્ય સ્વાગતમાં ૧૨૦ જેટલી રજૂઆતો મળી હતી તેનું સંબંધિત અધિકારીઓ દ્વારા નિરાકરણ કરવામાં આવ્યું હતું. ૭ જેટલા અરજદારોની લાંબા સમયની પડતર રજૂઆતો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્વયં ધ્યાનપૂર્વક સાંભળીને તે સંદર્ભમાં સંબંધિત જિલ્લા તંત્ર કે વિભાગે કરેલી કાર્યવાહીની પણ જાણકારી મુખ્યમંત્રીના જનસંપર્ક કક્ષની વિડીયો વોલ મારફતે મેળવી હતી. તેમણે અરજદારોને વારંવાર કચેરીમાં આવવું ન પડે તેવી સ્થિતિ નિર્માણ થાય તે હેતુસર જિલ્લા અધિકારીઓને નિશ્ચિત સમય મર્યાદામાં રજૂઆતોનું નિવારણ લાવી દેવા અને તે અંગે રજૂઆતકર્તાને પણ જાણ કરવા માટેના સૂચનો કર્યા હતા. આ રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવઓ પંકજ જોષી અને મનોજકુમાર દાસ, સચિવ અવંતિકા સિંઘ, ખાસ ફરજ ઉપરના અધિકારી ધીરજ પારેખ તેમજ સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવો અને અધિકારીઓ પણ જોડાયા હતા.

## શનિવારે સવારે ૧૦-૩૦થી શનિવારી અમાસનું મહત્વ



કારતક વદ ચૌદશને શનીવાર તા.૩૦-૧૧-૨૦૨૪ના દિવસે સવારે ૧૦-૩૦થી અમાસ તિથી છે આથી શનિવારે સવારે ૧૦-૩૦ કલાકથી શનિવારી અમાસ ગણાશે. શનિવારી અમાસના દિવસે હનુમાનજીની પુજા શનિદેવની પુજાનું મહત્વ વધારે છે. આ દિવસે શનિદેવ તથા હનુમાનજીને સરસવના તેલનો દીવો કરવો સરસવનું તેલ ચડાવવું, અળદ ચડાવવા, હનુમાન ચાલીસાના પાઠ કરવા, શનીદેવના મંત્રના જપ કરવા શની કવચના પાઠ કરવાથી શની પીડા ઓછી થાય છે. ખાસ કરીને અત્યારે મકર, કુંભ, રાશીના જાતકોને સાડાસાતી ચાલી રહી છે તો શનીદેવની પનોતીની પીડા દુર કરવા માટે આ દિવસે કરેલ પુજા વધારે ફળદાઈ બને છે.

તે ઉપરાંત શનિવારે અમાસના દિવસે કાળા અળદ કાળુ અથવા બ્લુ કાપડ, સ્ટીલનું વાસણ, પગરખા, કાળી ધાબળી, ઉનના વસ્ત્રનું દાન દેવાથી શની પીડા ઓછી થાય છે. આ દિવસે પિતૃતર્પણ કરવું, પીપળે પાણી રેડવું, પિતૃકાર્ય કરાવવું, પિતૃઓને મોક્ષ ગતી આપનાર બને છે.

**શાસ્ત્રી રાજદીપ જોષી**
**(વેદાંતરત્ન)**

## ૩૦ નવેમ્બરથી સાયન્સ સિટી ખાતે 'સ્ટુડન્ટ ચેસ ફેસ્ટિવલ' યોજાશે : રાજ્યનાં ૧૩૦૦થી વધારે બાળકો, વિદ્યાર્થીઓ ચેસ સ્પર્ધામાં ભાગ લેશે

### ચેસ સ્પર્ધામાં ૫ લાખ રૂપિયાનાં કેશ પ્રાઈઝ અપાશે, સ્પર્ધામાં ભાગ લેનાર દરેક બાળકને નિઃશુલ્ક આંતરરાષ્ટ્રીય ચેસ સેટ ભેટમાં મળશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૯

ગાંધીનગરની ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવવર્સિટી, સાયન્સ સિટી, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી અને અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકના સંયુક્ત ઉપક્રમે ૩૦ નવેમ્બરથી ૨ ડિસેમ્બર સુધી સાયન્સ સિટી ખાતે વિજ્ઞાન ભવન હોલમાં 'સ્ટુડન્ટ ચેસ ફેસ્ટિવલ'નું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતના બાળકોમાં ચેસ પ્રત્યેની રૂચિ વધે તે હેતુથી ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર અને ગુજરાત સ્ટેટ ચેસ એસોસિયેશનના સહયોગથી 'સ્ટુડન્ટ ચેસ ફેસ્ટિવલ'નું આયોજન થયું છે. આ ચેસ ફેસ્ટિવલમાં ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી અંદાજે ૧૩૦૦થી વધારે બાળકો, વિદ્યાર્થીઓ ચેસ સ્પર્ધામાં ભાગ લેશે. આ 'સ્ટુડન્ટ ચેસ ફેસ્ટિવલ' ત્રણ કેટેગરીમાં યોજાશે. જેમાં ૩૦મી નવેમ્બરે ૧૨થી ૧૭ વર્ષની વયજૂથના વિદ્યાર્થીઓ માટે, ૧લી ડિસેમ્બરે ૧૧ વર્ષથી નાનાં બાળકો માટેની સ્પર્ધા તેમજ ૨જી ડિસેમ્બરે ૧૮થી ૨૫ વર્ષની વયજૂથના વિદ્યાર્થીઓ માટેની સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધા સવારે ૯.૦૦ વાગ્યાથી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી ચાલશે. આ 'સ્ટુડન્ટ ચેસ ફેસ્ટિવલ'માં કુલ પાંચ લાખ રૂપિયાનાં ઈનામો વિજેતાઓને આપવામાં આવશે. જેમાંથી ૬૦૦ વિજેતાઓને કેશ પ્રાઈઝ અને ગુજરાત ચેસ એસોસિયેશનના નિષ્ણાંત ચેસ કોચ પાસેથી નિઃશુલ્ક કોચિંગનો લાભ મળશે. આ સાથે ચેસ સ્પર્ધામાં ભાગ લેનારાં તમામ બાળકોને નિઃશુલ્ક આંતરરાષ્ટ્રીય ચેસ સેટ ભેટમાં આપવામાં આવશે. આ સ્ટુડન્ટ ચેસ ફેસ્ટિવલ ન માત્ર ચેસ સ્પર્ધા પણ સંશોધન આધારિત ચેસ સ્પર્ધા થવા જઈ રહી છે. ચેસ ફેસ્ટિવલ દરમ્યાન બાળકો અને વિદ્યાર્થીઓનાં મગજ અને માનસિક સ્વાસ્થ્ય ઉપર ચેસની રમતની કેવી અસરો થાય છે, તે અંગે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના અધ્યાપકો દ્વારા સંશોધન કરાશે.

## ખંભાળિયાની સેવાકુંજ હવેલીમાં સોમવારથી રોજ અષ્ટાક્ષર મંત્રના સવા લાખ જાપ કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૯

ખંભાળિયામાં બરછા સ્ટ્રીટ ખાતે આવેલી જાણીતી શ્રી સેવાકુંજ હવેલી ખાતે આગામી સોમવાર તારીખ ૨ થી શનિવાર તારીખ ૭ સુધી દરરોજ અષ્ટાક્ષર મંત્રના સવા લાખ જાપનો ભવ્ય મનોરથ યોજાયો છે. માગશર મહિનો એટલે સાક્ષાત પ્રભુનો મહિનો ગણવામાં આવે છે અને જેનું ધાર્મિક મહત્વ ખૂબ જ છે. એકવાર અષ્ટાક્ષર મંત્રનો જાપ કરવાથી દસ ગણું પુણ્ય મળે છે. ત્યારે આ મનોરથના મનોરથી તરીકે વનીતાબેન પાબારી, દિપ્તીબેન ગોકાણી, જ્યોત્સનાબેન સવજાણી, મનિષાબેન વિઠલાણી, કુંજભાઈ સોમૈયા (જામનગર) અને રંજનબેન ગોકાણી રહેશે. આ પ્રસંગે દરરોજ સવારે ૧૧ થી સાંજે ૬ વાગ્યા સુધી જાપના આ આયોજનમાં ઉપસ્થિત રહેવા ધર્મપ્રેમી વૈષ્ણવોને હવેલીના પૂજ્ય માધવી વહુજી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### ઈન્ટરનેશનલ વાડો કાઈ કરાટે ચેમ્પિયનશિપ ૨૦૨૪માં સિલેક્ટ થયેલ

## ભાવેણાના ખેલાડીઓને ભાવનગરના યુવરાજ જયવીરરાજસિંહજી ગોહિલે શુભકામનાઓ પાઠવી



(પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર તા.૨૯

ઈન્ટરનેશનલ વાડો કાઈ કરાટે ચેમ્પિયનશિપ ૨૦૨૪, વડોદરા ખાતે યોજવામાં આવશે જેમાં ભાવનગરના ચુનંદા ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે અને દરેક ચુનંદા ખેલાડીઓ ભાવનગર જીલ્લા નિયામક સેનસાઈ કમલ એચ. દવે પાસે ઈન્ટરનેશનલ સ્પર્ધાત્મક તાલીમ મેળવી ભાગ લેશે. નીલમબાગ પેલેસ ભાવનગરના યુવરાજ સાહેબ શ્રી જયવીરરાજસિંહજી ગોહિલે ઈન્ટરનેશનલ વાડો કાઈ કરાટે ચેમ્પિયનશિપ ૨૦૨૪ માં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓ ભાવનગર, ગુજરાત અને ભારતનું ગૌરવ વધારે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ**
**અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી,જીઆઈડીસી,**
**નવસર્જન બિલ્ડીંગ,ગોંડલરોડ, રાજકોટ.**

ભાવ પત્રક

નિવિદા નં.૭/૨૦૨૪-૨૫ (ટૂંકી મુદતની જાહેર નિવિદા)

અધિક્ષક ઈજનેરશ્રી, જીઆઈડીસી, રાજકોટમાં આવેલ અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી, નવ સર્જન બિલ્ડીંગ, સ્વામી નારાયણ ગુરૂકુળની સામે, ગોંડલ રોડ, રાજકોટ-૩૬૦૦૦૨. ફોન નં. ૦૨૮૧-૨૩૬૨૭૦૧ કાર્યક્ષેત્રમાં આવેલ જુનાગઢ પેટા વિભાગીય કચેરીનો સામાન જુનાગઢ-૨ વસાહત, દોલતપરા ખાતે સ્થળાંતર કરવા માટે ઓફલાઈન ભાવ પત્રક મંગાવવામાં આવે છે. કોરા ભાવ પત્રક તા. ૨૯/૧૧/૨૦૨૪ થી તા.૦૭/૧૨/૨૦૨૪ સુધી કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી જીઆઈડીસી, નવસર્જન બિલ્ડીંગ, ગોંડલ રોડ, રાજકોટથી કામકાજના સમય દરમ્યાન મેળવી શકાશે. સદર કામગીરીનું ભાવ પત્રક ઉપર જણાવેલ સરનામે સવારે ૧૧.૦૦ કલાક થી સાંજે ૫.૦૦ સુધીમાં આફિસ કામકાજના દિવસે મળશે. ભરેલ ઓફલાઈન ભાવ પત્રક સ્વીકારવાની તા. ૨૯/૧૧/૨૦૨૪ થી તા.૧૦/૧૨/૨૦૨૪, સમયઃ ૧૭:૦૦ કલાક સુધી રહેશે. ભાવ પત્રક રૂબરૂ/આર.પી.એડી./સ્પીડ પોસ્ટ/થી મોકલવાના રહેશે. વેકસ અથવા ટેપથી સીલ કર્યા વગરના ભાવ પત્રક સ્વીકારવામાં આવશે નહી. ભાવ પત્રક સાથે મંગાવેલ સિકયોરીટી ડિપોઝીટનો ડિમાંડ ડ્રાફટ ન હશે તો સદર ભાવ પત્રક રદ ગણવામાં આવશે. બધા ભાવ પત્રક કારણ જણાવ્યા વગર સ્વીકારવા, ન સ્વીકારવા, રદ કરવા એ નિગમનો અબાધિત અધિકાર છે. જે તમામને બંધનકર્તા રહેશે.


અધિક્ષક ઈજનેર,
જી.આઈ.ડી.સી., રાજકોટ


માહિતી/રાજ/૧૦૫૧/૨૪

### પત્રકાર પરીષદમાં મહેશગીરીએ બેફામ આક્ષેપો કર્યા...

# વિકાસમાં ‘જીરો’ અને ‘ગીરીયો’ હિરો : મહેશગીરી વિફર્યા

**સાધુનાં ઝઘડામાં વચ્ચે કુદી પડેલા ગીરીશ કોટેચાને આડે હાથ લેતા મહેશગીરીએ કહયું શાકપુરી બનાવનાર બંગલા ન બંધાવી શકે !! અલ્યા તું છે શું હેં ! તું શંકરાચાર્ય છે ! ધર્મનો ઠેકો લીધો છે ! જૂનાગઢ બદનામ થશે તેવું કહેનાર ગીરીશ કોટેચા તે શું નામ કમાવ્યું ! જૂનાગઢનું સત્યાનાશ કાઢવામાં તારો પણ સિંહ ફાળો છે**



ભવનાથ મંદિરને હડપવા માટે ધાર્મિક ટ્રસ્ટને સાર્વજનીક ટ્રસ્ટ બનાવવા ગીરીશ કોટેચા પર આક્ષેપ

સ્થળ : જુનાગઢ
તારીખ : ૨૮-૧૨-૨૦૧૪
(ગીરીશકુમાર એમ. કોટેચા)

જૂનાગઢ તા.૨૯


ગિરનાર અંબાજી મંદિર અને ભવનાથ મહાદેવ મંદિરનો કબ્જો મેળવવા માટેનાં થયેલા ખેલ, કાવતરા અને જે યુધ્ધ ચાલી રહયું છે અને હરીગીરી વિરૂધ્ધ મહેશગીરીનો જે જંગ ચાલી રહયો છે અને આક્ષેપબાજી, ફરીયાદ અરજી તેમજ જે નિવેદનબાજી થઈ રહી છે આ ધર્મયુધ્ધ અંગે તાજેતરમાં મનપાનાં ભૂતપૂર્વ ડે. મેયર ગીરીશ કોટેચાએ સાધુઓ હવે શાંત થાવ, જૂનાગઢ બદનામ થઈ જશે તેવા નિવેદનરૂપી પ્રતિક્રિયા આપી હતી. તેની સાથે ભૂતનાથ મહાદેવ મંદિરનાં મહંત મહેશગીરી આગબબુલા અને લાલઘૂમ થયા હતાં. અને ગીરીશ કોટેચાની જન્મકુંડલી મિડીયા સમક્ષ મુકી ધડાકો કરતાં હડકંપ મચી જવા પામેલ છે.


છેલ્લા કેટલાક દિવસો થયા અંબાજી મંદિરની જગ્યા અને ભવનાથ મહાદેવ મંદિર પચાવી પાડવા માટેનાં ષડયંત્રનો મહેશગીરીએ પર્દાફાશ કર્યા બાદ એક પછી એક ઘટનાક્રમ સામે આવ્યા છે. અને ગઈકાલે એક પત્રકાર પરીષદ મહેશગીરીએ યોજી હતી. અને જેમાં મહેશગીરી સામે સંતો કે અન્ય કોઈએ જે પ્રતિક્રિયાઓ આપી હતી અને નિવેદનો કર્યા હતાં તે સામે એક પછી એક ઈંટનો જવાબ પથ્થરથી મહેશગીરીએ આપ્યો હતો. સૌ પ્રથમ મુચકુંદ ગુફાનાં મહંત મહેન્દ્રાનંદગીરીની પ્રતિક્રિયા સામે મહેશગીરીએ જણાવ્યું હતું કે હું આપને ખુબ પ્રેમ કરૂં છું, મને તમારી સામે કોઈ વાંધો નથી તમને દોઢ વર્ષ પહેલા મળ્યો હતો અને ચા પણ પીધી હતી. રહી વાત હરીગીરીની તો મારે તેમની સામે વ્યકિતગત તેમની કામગીરીને લઈને વાંધો છે. તમે કહેલું કે ભવનાથ જતા રસ્તામાં મુચકુંદ ગુફા આવે છે તો હું યાદ રાખીશ ભવનાથ જઈશ ત્યારે મુચકુંદ ગુફાએ દર્શન કરીશ અને ચા પણ પીશ અને પછી જઈશ તેમ જણાવી મહેન્દ્રાનંદગીરીને દૂર રહેવા નમ્ર અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત કિન્નર અખાડાનાં લક્ષ્મીનારાયણ ત્રિપાઠીએ વિડીયો વાઈરલ કરી જે પ્રતિક્રિયા આપી હતી તે અંગે જણાવતાં મહેશગીરી બાપુએ જણાવ્યું હતું કે માતાજી તમે તો શકિતમાન છો મને આર્શિવાદ આપો કે સત્યની લડાઈ હું જીતી જાઉં. હું તમારા અખાડાથી નથી અને કોઈ સંબંધ નથી તેમ છતાં મારા વિશે વિડીયો વાયરલ કર્યો તે યોગ્ય છે તેમ કહી ફરી એકવાર માતાજી પાસે આર્શિવાદ માંગ્યા હતાં. આટલે સુધી પણ હિન્દીમાં વાર્તાલાપ કર્યા બાદ મહેશગીરી બાપુ વિફર્યા અને બોલ્યા કે હવે હું જેની વાત કરૂં છું તે ગુજરાતીમાં કહીશ શા માટે તેનો હીરો બનાવવો જોઈએ એમ કહી મહેશગીરીએ જણાવ્યું હતું કે હું ગીરીશ કોટેચાની વાત કરૂં છું. મૂર્ખતાપૂર્ણ વાત હોય તો પાર્ટી ગીરીશ કોટેચાને આગળ ધરે છે તેમ જણાવી મહેશગીરીએ જણાવ્યું હતું કે આ સત્ય અને ધર્મનું યુધ્ધ છે તેમાં કોઈ રાજકીય નેતાઓ આગળ આવતા નહી તેવી ચેતવણી આપી હતી. તેમ છતાં ગીરીશ કોટેચા સામે આવ્યો છે એને શાંત થાઓ... શાંત થાઓ...ની વાતો કરનાર અલ્યા તું છે કોણ ? તું શંકરાચાર્ય છે ? ધર્મનો ઠેકો લીધો છે તેં ? વિકાસ ‘જીરો’ અને ગીરીયો ‘હીરો’ તેમ કહી તું છે શું ! તેમ કહી મહેશગીરીએ આડે હાથ લેતા જણાવ્યું હતુ કે જૂનાગઢ બદનામ થશે એવું કહેનારા ગીરીશ કોટેચા તેં શું નામ કમાવ્યું છે. મારૂં મગજ ફાટી જાય છે. આ સાથે જ અત્યંત ક્રોધીત મુખમુદ્રા ધારણ કરી મહેશગીરીએ આગ ઓકતું નિવેદન આપેલ કે પરીક્રમાનાં મેળામાં ૧૩ થી ૧૪ વર્ષની દીકરીને કયાંય લઘુશંકા માટે જગ્યા મળતી ન હોતી તેવી મારી આ દિકરીને આખરે પહેરેલ કપડે લઘુશંકા કરી લેવી પડી હતી અને મારા ગિરનારનાં વેપારીઓ અને ડોળીવાળા મદદે આવી અને આ દિકરીની ફરતે આડશે રાખી અને કપડા બદલી શકે આવી પરિસ્થિતિ છે. ગીરીશ કોટેચા તું એક બાથરૂમ બાંધી શકયો નથી તેમ જણાવ્યું હતું. એટલું જ નહી પુરી શાક વેચનાર બંગલા બંધાવી ન શકે તેવું પણ નિવેદન આપ્યું હતું. વાત આટલેથી અટકતી નથી. મહેશગીરીએ વધુ એક બોમ્બ ફોડયો કે ગીરીશ કોટેચા શું કામ વચ્ચે કુદી પડયો તે બાબત જણાવતાં એક પત્ર રજુ કર્યો કે સંતોની પરંપરા ધરાવતાં ભવનાથ મંદિરનું એક સાર્વજનીક ટ્રસ્ટ બનાવી અને જેના અધ્યક્ષ શૈલજા દેવી છે. મારે શૈલેજા દેવી અંગે કોઈ પ્રતિક્રિયા આપવી નથી. પરંતુ આ ટ્રસ્ટ બનાવી તેમાં ટ્રસ્ટી તરીકે ગીરીશ કોટેચા જોડાયેલ છે તે અંગેનો એક પત્ર ગીરીશ કોટેચાનો રજુ કર્યો હતો. મહેશગીરીએ જણાવેલ કે ભવનાથ મંદિર હડપવા માટેનો ખેલ પાડયો હતો તેમ જણાવી આડકતરો ઈશારો કરી એક પછી એક કૌભાંડ જાહેર કરવામાં આવશે તેમ જણાવેલ ફરી પાછી ચેતવણી આપી હતી કે ભુલે ચુકેય રાજકારણી આવતા નહીં. પછી કોના ઘરમાં કોણ કર્મચારી કામ કરે છે, નરસિંહ મહેતા સરોવરનું ૧૪ વર્ષ થયા કામ કેમ ચાલે છે ? જે બધા જ કૌભાંડો એક પછી એક બહાર આવશે અને જૂનાગઢનું સત્યનાશ કોણે કાઢયું છે તે અંગે જનતા જાણ જ છે તેમ મહેશગીરીએ ગઈકાલે એક પત્રકાર પરીષદમાં જણાવ્યું હતું.

### નાણાં અપાયા હોવાનાં પત્રને બનાવટી ગણાવવાનાં પ્રયાસ અંગે ખુલાસો...

# હરીગીરી હવે જેલ જવાની તૈયારી કરો મહેશગીરીનો પડકાર

**નાણાંકીય વ્યવહારની ગેરરીતી વાળા પત્રને બનાવટી ગણાવનાર હરીગીરી આ પત્ર તો તમે જ ફાઈલમાં મુકેલ છે તો બનાવટી કેવી રીતે**




નાણાં આપ્યા છે તે પત્ર અસલી જ છે !!!

श्री पंच दशनाम जूना अखाड़ा

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ નજીક આવેલ ગિરનાર ખાતે બિરાજમાન અંબાજી માતાજી મંદિરના મહંત પૂ. તનસુખગીરી બાપુ બ્રહ્મલીન થયા બાદ અંબાજી મંદિરના મહંત પદ માટેની લડાઈમાં દરરોજ નીતનવીન ધડકાઓ થઈ રહ્યા છે. તેમાંય ખાસ કરીને અંબાજી મંદિરના મહંત તરીકે પ્રેમગીરીની નિમણુંક કરી નાખવા પ્રશ્ને ભવનાથ મહાદેવ મંદિરના મહંત હરીગીરી સામે રીતસરનું યુધ્ધ છેડાયું છે. પૂ. તનસુખગીરી બાપુની મિલ્કત, ધાર્મિકસ્થાનો વગેરેનો ગેરકાયદેસર રીતે કબ્જો કરવાના આરોપ સાથે હરીગીરી વિરૂધ્ધ બે જેટલી પોલીસમાં ફરિયાદ પણ થયેલી છે. આ ઉપરાંત ભૂતનાથ મહાદેવ મંદિરના મહંત મહેશગીરીએ તો સનાતન ધર્મની રક્ષા, ગિરનાર બચાવવાના ભાગરૂપે ભવનાથ મહાદેવ મંદિરના મહંત હરીગીરીએ ગાદી કબ્જે કરવા માટે છુટાહાથે નાણા વેર્યા હોવાના ગંભીર આક્ષેપોની સાથે પત્રો પણ જે લોકોને નાણા દીધા હતા. તેના પુરાવારૂપે રજુ કર્યા હતા. દરમ્યાન હરીગીરી દ્વારા પણ મહેશગીરીએ જે પત્રો રજુ કરેલ છે તે બનાવટી ગણાવ્યા છે. દરમ્યાન અંબાજી માતાજી મંદિર અને ભવનાથ મહાદેવ મંદિર જે ભાવિકોની આસ્થાના કેન્દ્રો છે તેવા આ ધર્મ સ્થાનો કબ્જે કરવા માટેના કેવા ખેલ થઈ રહ્યા છે. તે અંગે એક સનસનીખેજ વિગતો બહાર આવી રહી છે ત્યારે ભારે હલચલ મચી જવા પામી છે. દરમ્યાન ગઈકાલે ભૂતનાથ મહાદેવ મંદિરના મહંત મહેશગીરીએ એક પત્રકાર પરિષદ બોલાવી અને ઘણી જ સ્ફોટક વિગતો મિડીયા સમક્ષ મુકતા ખળભળાટ મચી જવા પામેલ છે. મહેશગીરી બાપુએ મિડીયા સમક્ષ કરેલ વાર્તાલાપમાં જણાવ્યું હતું કે, હરીગીરી દ્વારા જે નાણાંકીય વ્યવહાર કરવામાં આવેલો છે અને જે પત્ર મેં અગાઉ મિડીયા સમક્ષ મુકયો છે તે પત્ર બનાવટી હોવાની વાત સાવ ખોટી છે એટલું જ નહી આ પત્ર તો ખુદ હરીગીરીએ જ ભવનાથ મંદિરની ફાઈલમાં મુકેલો છે અને તંત્રને ફી ભરીને આરટીઆઈ કરેલી અને ૬૦૦ જેટલા પાનાની ફાઈલ મળી છે તેમાં આ પત્ર પણ સામેલ છે અને આ પત્ર હરીગીરીનો જ છે પત્ર હોવાથી એફએસએલમાં પણ જવાની જરૂર નથી એટલે હરીગીરી જેલ જવાની તૈયારી કરો તેમ જાહેરાતમાં જણાવ્યું હતું. વિશેષમાં રાજુગીરી અને કૌશીકગીરી જે ભવનાથ મંદિર સાથે ગુરૂ પરંપરાથી જોડાયેલા છે તેઓએ અવાર-નવાર રજુઆતો કરી છે ન્યાય મેળવવા પણ ન્યાય મળતો નથી. આ ઉપરાંત અમરગીરી દ્વારા પણ કેસ ચાલી રહ્યો છે તેમજ હું એટલે મહેશગીરી અને જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયા દ્વારા પણ ખુબ રજુઆતો કરી છે પરંતુ હજુ કાંઈ થતું નથી તે બતાવી આપે છે કે હરીગીરીના હાથ કેટલા લાંબા છે. પરંતુ તેમ છતાં અમે છોડવાના નથી. વિશેષમાં ભવનાથ મહાદેવ મંદિરના પૂર્વ મહંત રમેશગીરી ગુરૂ રઘુનાથગીરીનું થયેલ મૃત્યું શંકાસ્પદ છે તેની પણ તપાસ થવી જોઈએ તેમ જણાવી મહેશગીરીબાપુએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમીતશાહ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા જે સ્વચ્છતા અભીયાન ચલાવાય રહ્યું છે તેમાંથી પ્રેરણા લઈ હું પણ સ્વચ્છતા અભીયાન ચલાવી રહેલ છું અને મને વિશ્વાસ છે કે અમારૂ સ્વચ્છતા અભીયાન સફળ થશે જ. આ સાથે જ હરીગીરીને ચેતવણી પણ આપી હતી કે તમે અટકી જાવ તમારો ગુનો કબુલ કરી લ્યો તો ઓછી સજા થાય અને નહી કરો તો ઘણા જ માઠા પરિણામ આવશે અને કેન્દ્ર સરકાર જયારે તમારા પાપના પોટલા ખોલશે ત્યારે મોડું થઈ ગયું હશે. અંતમાં એવું પણ જણાવ્યું હતું કે ધારાસભ્ય સંજય કોરડીયા, શહેર ભાજપ પ્રમુખ પુનિત શર્મા સરકાર તરફથી ખાતરી લઈને આવ્યા હતાં એટલે ૧લી ડીસેમ્બરે ભવનાથ મંદિરનો કબ્જો લેવાનું હાલ મુલત્વી રાખેલ છે.

## જૂનાગઢમાં પાર્ટી પ્લોટમાંથી રૂા.૩.૯૯ લાખના દાગીનાની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૯

જૂનાગઢ શહેરના ઝાંઝરડા ચોકડી પાસે વૃંદાવન પાર્ટી પ્લોટમાં લગ્ન પ્રસંગ દરમ્યાન થેલીમાં રાખેલ સોના-ચાંદીના દાગીનાની ચોરી કરતા જતા બે અજાણ્યા શખ્સો વીરૂધ્ધ જુનાગઢ તાલુકા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ તાલુકા પોલીસ મથકે દર્શનાબેન વિરલભાઈ ચંદ્રશેખરે સીસીટીવીમાં દેખાતા બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીના ભાઈના ઘરે લગ્ન પ્રસંગ દરમ્યાન જૂનાગઢ ઝાંઝરડા ચોકડી પાસે વૃંદાવન પાર્ટી પ્લોટ ખાતે ફરીયાદીએ એક થેલીમાં રાખેલ સોના-ચાંદીના દાગીના કિ.રૂા.૩,૯૯,૦૦૦ની બે અજાણ્યા શખ્સો ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
Kelvinator
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



ડો. રશ્મિ પી. બાલચંદાણી B.A.M.S.
Mo. 74859 53500
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ • સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુ:ખાવા અને પાચનની તકલીફ - પિત્ત (એસીડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨ મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com



Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો